પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૯૮ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૧૨-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાનની ડાયમંડ સિટીને બે મોટી ભેટ :

# હું પહેલાં આવતો ત્યારે બસપોર્ટ સારૂં કે એરપોર્ટ સારૂં એવું લાગતું, ઝૂંપડી જેવું હતું, આજે સુરત મિનિ ભારત : PM મોદી







સુરત,

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં એરપોર્ટના નવા ટર્મિનલ અને ડાયમંડ બુર્સનું ઉદઘાટન કર્યું છે. તેઓએ ઉદઘાટન સમારોહમાં જણાવ્યું હતું કે, પહેલા હું અહીં એરપોર્ટ પર આવતો ત્યારે લાગતું કે, એરપોર્ટ છે કે બસપોર્ટ, પણ આજે સુરત મિનિ ભારત બની ગયું છે. આજે ૧૨૫ દેશના ધ્વજ સુરતમાં ફરકી રહ્યા છે.

નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, નમસ્કાર... હૂરત એટલે હૂરત, સુરત પાસે ઈતિહાસનો અનુભવ, વર્તમાનમાં રહેતા, ભવિષ્યની દુરંદેશી એનું નામ સુરત. સુરત કામમાં લોચો મારે નહીં અને ખાવામાં લોચો છોડે નહી. આમ બધી વાતે સુરતીઓને ગમે તેટલી ઉતાવળ હોય પણ ખાણીપીણીની દુકાને અડધી કલાક રોકાય જ. ગમે તેટલો વરસાદ પડે પણ ભજીયા ખાવા એટલે ખાવા જ. ફૂટપાથ પર ઘારી ખાતો હોય. નાકા પરના સર્કલે આંટો મારવા ન જાય પણ વિશ્વ આખું ફરે. સૌરાષ્ટ્રના ભાઈઓ સુરત વળ્યા. આ લોકોને પૂછ્યું કે તમને સુરત કેવું લાગ્યું તો કહ્યું કે, કાઠિયાવાડમાં સામસામે મોટરસાયકલ અથડાય તો તલવારો ખેંચાય જાય પણ સુરતમાં તો કહે તારી પણ ભૂલ છે અને મારી પણ.

વધુમાં જણાવ્યું હતું કે, ડાયમંડ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. દુનિયામાં ડાયમંડની સાથે સુરતનું નામ આવશે પણ ભારતનું પણ નામ સાથે આવશે. ડાયમંડ બુર્સ નવા ભારતની નવા સામર્થ્ય અને નવા ભારતના સંકલ્પનું પ્રતિક છે. મને કેટલોક ભાગ જોવા મળ્યો. પરંતુ મેં એ લોકોને કહ્યું કે, તમે એન્વાર્યમેન્ટના વકીલ છો તો ગ્રીન બિલ્ડિંગ શું હોય એ બતાવો. વિદ્યાર્થીઓને બોલાવી બતાવો કે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દુનિયા શું છે. સુરતના વેપારીઓને એકસાથે બે ભેટ મળી છે. સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળી ગઈ છે. સુરતીઓની વર્ષો જૂની માગ આજે પૂરી થઈ છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, હું પહેલા અહીં આવતો ત્યારે લાગતું કે એરપોર્ટ છે કે એરપોર્ટ. સુરતથી દુબઈની ફ્લાઈટ આજે શરૂ થશે, જલ્દી હોંગકોંગની ફ્લાઈટ શરૂ થશે. સુરતનું એરપોર્ટ સાથે આજે ગુજરાતમાં ત્રણ ઈન્ટરનેશનલ એરપોર્ટ બની ગયા છે. સુરતીઓના સામર્થ્યનો મુકાબલો કરવો મુશ્કેલ છે. અંગ્રેજ વૈભવ જોઈને પહેલા સુરત આવ્યા હતા. સમુદ્રી જહાજ સુરતમાં જ બનતા હતા. ઈતિહાસમાં સુરત પર મોટા મોટા સંકટ આવ્યા પણ બધાએ સાથે મળીને સામનો કર્યો. ૮૪ દેશના શીપના ઝંડા અહીં ફરકતા હતા અને આજે ૧૮૪ દેશના ઝંડા અહીં ફરકવાના છે. ગંભીર બિમારી, તાપીમાં પૂર આવ્યું પણ મને પૂરો ભરોસો હતો કે, સુરત સંકટમાંથી બહાર આવશે. આજ જુઓ આ શહેર દુનિયાના સૌથી ઝડપથી આગળ વધતુ ટોપ ૧૦ શહેરમાનું એક છે. સુરતમાં દરેક ક્ષેત્રે કામ શાનદાર થતું રહ્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે, લોખા યુવાનો માટે સુરત ડ્રીમ સિટી છે. આઈટીના ક્ષેત્રમાં પણ આગળ વધી રહ્યું છે. ડાયમંડ બુર્સના ભાગરૂપે આવડી મોટી બિલ્ડિંગ મળવી એ આપનું સામર્થ્ય છે. સુરતના લોકો મોદીની ગેરંટીને બહુ સમયથી જાણે છે. આ ગેરંટીનું ઉદાહરણ આ સુરત ડાયમંડ બુર્સ છે. ૨૦૧૪માં દિલ્હીમાં વર્લ્ડ ડાયમંડ કોન્ફરન્સ થઈ હતી. ત્યારે જ મેં ડાયમંડ બુર્સ બનાવવાની જાહેરાત કરી હતી. આજે દરેક પ્રકારનો વેપાર એક જ છત નીચે શરૂ થઈ ગયો છે. ડાયમંડ બુર્સ વન સ્ટોપ સેન્ટર છે. અહીં જ્વેલેરી મોલ છે, ૮ લાખથી વધુ લોકોને રોજગારી મળી રહી છે અને વધુ દોઢ લાખ લોકોને રોજગારી આપશે.

વધુમાં જણાવ્યું હતું કે, સુરતે ગુજરાત, દેશને ઘણું બધુ આપ્યું છે. મારા હિસાબે આ શરૂઆત છે, હજુ આપણે આગળ વધવાનું છે. હવે દુનિયાના દેશોની ઈકોનોમીમાં ભારતનો ટોપ ૩માં સમાવેશ થશે. સરકારે આગામી ૨૫ વર્ષનો ટાર્ગેટ પણ નક્કી કર્યો છે. જેના પર અમે કામ કરી રહ્યા છીએ. સુરતની ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝની જવાબદારી વધી ગઈ છે. આ ઈન્ડસ્ટ્રીઝે પણ ટાર્ગેટ નક્કી કરવો જોઈએ કે, આપણે દેશની પ્રગતિમાં કેટલો હિસ્સો રાખવો. સિલ્વર કટ ડાયમંડ અને લેબગ્રોન ડાયમંડમાં આપણે અગ્રેસર છીએ. સુરત નક્કી કરી લે તો જેમ્સ ડાયમંડ જ્વેલરીમાં ડબલ ડિઝીટમાં આવી શકે છે. સરકાર તમારી સાથે છે.

વધુમાં જણાવ્યું હતું કે, અમે પહેલેથી જ આ સેક્ટરને ફોકસ એરિયા તરીકે પસંદ કર્યું છે. આજ ઈન્ટરનેશનલ લેવલે જે માહોલ છે તે ભારતના પક્ષમાં છે. આજ પૂરી દુનિયામાં ભારતની શાખ ટોચ પર છે. મેડ ઈન ઈન્ડિયા એક સશક્ત બ્રાન્ડ બની ગયું છે. આધુનિક કનેક્ટિવ મળવાપાત્ર સુરત દેશનું પહેલું શહેર છે. સુરત આગળ વધશે તો ગુજરાત અને ગુજરાત આગળ વધશે તો મારો દેશ આગળ વધશે. લઘુ ભારત તો સુરત બની ગયું છે. ડાયમંડ બુર્સમાં દુનિયાભરના લોકો આવશે. ત્યારે ભાષાની સમજણ માટે ભારત સરકાર અવશ્ય મદદ કરશે. મુખ્યમંત્રીને સલાહ આપીશ કે, નર્મદ યુનવર્સિટીમાં દેશની અલગ અલગ ભાષાનો કોર્ષ શરૂ કરે. હું વિશ્વાસ રાખું છું કે, આ કોર્ષ શરૂ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા હીરાના ટ્રેડિંગ હબ એવા ડાયમંડ બુર્સ અને સુરત એરપોર્ટના નવા ટર્મિનલના લોકાર્પણ માટે સુરત આવ્યા હતા. એરપોર્ટ પર નવા ટર્મિનલનું ઉદઘાટન કરી મોદીએ એરપોર્ટનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં અધિકારીઓએ સુવિધાઓથી મોદીને અવગત કરાવ્યા હતા. બાદમાં ૮ કિમીનો રોડ-શો યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. મોદીનો કોન-વે ડાયમંડ બુર્સ પહોંચ્યો હતો અને અહીં મોદીએ ડાયમંડ બુર્સનું લોકાર્પણ કર્યું હતું. તેમજ ડાયમંડ બુર્સને નિહાળ્યું હતું. બાદમાં મોદી સભસ્થળે પહોંચ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ત્રણ રાજ્યમાં ભવ્ય વિજયના શિલ્પકાર નરેન્દ્ર મોદી આ જીત બાદ પહેલીવાર ગુજરાત આવ્યા છે. અત્યારસુધી મોદી હૈ તો મુમકિન હૈ કહેવાતું પણ હવે મોદી ગેરંટી કહેવાય છે. ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું છે. સુરત દેશભરના લોકોને રોજગારી આપતું સિટી બન્યું છે. સુરત મિની ઈન્ડિયા બની ગયું છે. ડાયમંડ બુર્સ આધુનિક ભારતના નિર્માણની મોદી સાહેબની પહેલ છે. નરેન્દ્ર મોદી ત્રીજીવાર વડાપ્રધાન બનશે એ વાત નિશ્ચિત છે. નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં સતત અવિરત વિકાસ થતો રહ્યો છે. ૨૦૧૪માં ૭૪ એરપોર્ટ હતા જે આજે ૧૪૯ થયા છે. સુરતને ઈન્ટરનેશનલ એરપોર્ટની ભેટ આપી છે. આથી ડાયમંડ કેપિટલ વિશ્વ સાથે સીધુ કનેક્ટેડ થશે.

નરેન્દ્ર મોદીના સુરત પ્રવાસથી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એરપોર્ટથી ડાયમંડ બુર્સ સુધી પ્રધાનમંત્રીનો મિની રોડ-શો યોજાયો હતો. રોડ-શોમાં પ્રધાનમંત્રીના સ્વાગત માટે સવારથી જ લોકોની ભીડ જામી હતી. રોડ-શોના રૂટ પર મહિલાઓનો એક અનોખો સ્વાગત પોઈન્ટ બનાવવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓ ઢોલ અને કરતાલ સાથે મોદીના ભજનની રમઝટ બોલાવી હતી. તેમજ શંખનાદ કર્યો હતો. બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ અને હર્ષ સંઘવીએ સુરત એરપોર્ટ પર નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું.

# ઓસ્ટ્રેલિયા જતા ગુજરાતી વિદ્યાર્થીઓને મોટો ઝટકો, ઈમિગ્રેશન સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યો

અમદાવાદ,

ઓસ્ટ્રેલિયાની સરકારે પોતાના ઈમિગ્રેશન સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યો છે જેની અસર ભારતીય વિદ્યાર્થીઓને થશે. ઓસ્ટ્રેલિયા આગામી બે વર્ષમાં પોતાના ત્યાં આવનારા પ્રવાસીઓની સંખ્યા અડધી કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત નવી ઈમિગ્રેશન પોલીસીની જાહેરાતમાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓના વિઝા માટે આઈઈએલટીએસમાં ૬.૫ બેન્ડ અને ગ્રેજ્યુએશન લેવલ માટે ૬ બેન્ડ ફરજિયાત કર્યા છે. અત્રે જણાવવાનું કે ઓસ્ટ્રેલિયાની સરકાર ઘણા સમયથી ભારતીય વિદ્યાર્થીઓ માટે માઈગ્રેશન પોલીસીમાં કેટલાક ફેરફાર કરવાનું વિચારી રહી હતી.

આઈઈએલટીએસ ટેસ્ટ હવે વધુ અઘરી બને તેવા એંધાણ છે. ભારત-ઓસ્ટ્રેલિયા ઈકોનોમિક કોર્પોરેશન અને ટ્રેડ એગ્રીમેન્ટ મુજબ હવે અંગ્રેજી માટેની ટેસ્ટને વધુ ટફ કે કડક કરવામાં આવશે. પરીક્ષામાં સ્ટુડન્ટ વિઝા માટે આવનારા વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં પોસ્ટ સ્ટડી માટે ઓછામાં ઓછા ૬.૫ બેન્ડ લાવવા જરૂરી બની જશે. ગ્રેજ્યુએશન લેવલે ૬ બેન્ડ જરૂરી થશે. પરીક્ષામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૫.૫ બેન્ડની જરૂર પડતી હતી. કોવિડ પછીના વધારાના બે વર્ષનો સ્કીલ લિસ્ટનો ફાયદો પણ હવે મળી શકશે નહીં. જો ગ્રાન્ડ ફાધર્સ સ્કીમ લાગૂ પડે તો જુલાઈ ઈન્ટેકવાળા વિદ્યાર્થીઓને જૂના નિયમો લાગૂ પડશે.

વધુમાં એ પણ છે કે જે માઈગ્રેન્ટનો પગાર ૧ લાખ ૩૫ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર કે તેનાથી વધુ હશે તેમની વિઝા એપ્લિકેશનને ફાસ્ટ ટ્રેકમાં લઈ જવાશે. ઓસ્ટ્રેલિયાની સરકારે સ્ટડી વિઝા માટે વધારાની તપાસ પણ ઉમેરી છે. દાખલા તરીકે જો કોઈએ અન્ય કોઈ કોર્સ કરવો હો તો તે માટે જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે અને આ ઉપરાંત આ કોર્સ તેમને આગળ જતા કઈ રીતે ઉપયોગી થશે તે પણ સાબિત કરવાનુ રહેશે.

જો ૨૦૨૨-૨૩ના ડેટા જોઈએ તો હાલમાં ઓસ્ટ્રેલિયામાં ૩૦ ટકા વધુ વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળ્યો છે. જે આશરે દોઢ લાખ જેવા થાય. સૌથ વધુ વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેઈનિંગ સેકટરમાં જોવા મળ્યા છે. પોસ્ટગ્રેજ્યુએશન લેવલ પર ઓસ્ટ્રેલિયન સરકારે હાલમાં કોઈ ફેરફાર ન કરતા આ વિદ્યાર્થીઓને હાલ પૂરતી તો રાહત છે. ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલિપ ગ્રેને જણાવ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ કરાર થયા છે જે મુજબ માઈગ્રેશન પોલીસીમાં ફેરફાર કરાયા છે. જે મુજબ ભારતીય ગ્રેજ્યુએટો કામચલાઉ ગ્રેજ્યુએટ વિઝા લઈને બે વર્ષ બેચલર ડિગ્રી કરી માસ્ટર્સ અને ચાર વર્ષ પીએચડીનો અભ્યાસ કરી શકે છે.

નવા નિયમો મુજબ ડિપ્લોમા કરવા જતા ભારતીય વિદ્યાર્થીઓ ૧૮ મહિના ઓસ્ટ્રેલિયામાં રોકાઈ શકે છે અને જે વિદ્યાર્થીઓએ બેચલર ડિગ્રી પૂરી કરી છે તે માસ્ટર્સમાં એડમિશન લઈને ત્રણ વર્ષ અભ્યાસ કરી શકે તથા પીએચડીમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ ચાર વર્ષ અભ્યાસ કરી શકે છે.

# ગ્લોબલ મિશન ગંગા બન્યું, નદીઓને બચાવવા ભારત સાથે ૧૧ દેશ આવ્યા

નવીદિલ્હી,

છેલ્લા કેટલાક દિવસોમાં, સંયુક્ત અરબ અમીરાતના દુબઈમાં આયોજિત સીઓપી-૨૮માં જળવાયુ પરિવર્તનને લગતા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. તે દરમિયાન, સીઓપી-૨૮માં ભારતે નદીઓને લગતી વૈશ્વિક સંસ્થા શરૂ કરી છે. તેને ગ્લોબલ રિવર સિટીઝ એલાયન્સ નામ આપવામાં આવ્યું છે. ગ્લોબલ રિવર સિટીઝ એલાયન્સ એ નદીઓના સંરક્ષણ માટેની વૈશ્વિક પહેલ છે. આ સંસ્થાનું નેતૃત્વ નેશનલ મિશન ફોર કલીન ગંગા કરશે એનએમસીજી ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય હેઠળ આવે છે. ભારતના નેતૃત્વમાં બનેલું આ સંગઠન શા માટે ખાસ છે અને તેની સાથે કયા કયા દેશો જોડાયેલા છે.

ગ્લોબલ રિવર સિટીઝ એલાયન્સ વિશ્વમાં તેના પ્રકારનું પ્રથમ ગઠબંધન છે. તેનો મુખ્ય ઉદ્દેશ નદી સંરક્ષણ અને ટકાઉ જળ વ્યવસ્થાપન છે. જીઆરસીએ પોતાની વચ્ચે ટેકનિકલ સહાય વહેંચીને એક દેશ અને બીજા દેશની ક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ એક વૈશ્વિક પ્લેટફોર્મ હશે જ્યાં સહભાગી દેશો શહેરી નદીઓની સ્થિતિ સુધારવા સંબંધિત પાસાઓ અને ક્ષમતા નિર્માણ પર નક્કર ચર્ચા કરી શકશે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ અને નેશનલ મિશન ફોર કલીન ગંગા ગ્લોબલ રિવર સિટીઝ એલાયન્સના સચિવાલય તરીકે સેવા આપશે. આ વૈશ્વિક જોડાણમાં વિશ્વના વિવિધ ખૂણામાંથી ૧૧ દેશો સામેલ છે. આમાં ૨૭૫થી વધુ નદી શહેરોને આવરી લેવામાં આવશે.

ગ્લોબલ રિવર સિટીઝ એ ભારતમાં ૨૦૨૧માં લોન્ચ કરાયેલ રિવર સિટીઝ એલાયન્સનું વૈશ્વિક સંસ્કરણ છે. રિવર સિટીઝ એલાયન્સની રચના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ અને નેશનલ મિશન ફોર કલીન ગંગા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. તે ભારતના નદી શહેરો માટે શહેરી નદીઓના ટકાઉ સંચાલન માટે વિચારણા, ચર્ચા અને માહિતીની આપ-લે કરવા માટેનું એક સમર્પિત પ્લેટફોર્મ હતું. તે નદીઓ અને શહેરોને જોડવાનું કામ કરે છે. તે શહેરોને એકબીજાની સફળતાઓ અને નિષ્ફળતાઓમાંથી શીખવા તેમજ લોકોને નદીઓ સાથે જોડવા સક્ષમ બનાવે છે.શરૂઆતમાં રિવર સિટીઝ એલાયન્સમાં ગંગા બેસિનના માત્ર ૩૦ સભ્ય શહેરોનો સમાવેશ થતો હતો. બાદમાં, ગંગા તટપ્રદેશની બહારના શહેરોનો સમાવેશ કરવા માટે તેની પહોંચ વિસ્તારવામાં આવી હતી. એક વીડિયો સંદેશ દ્વારા જીઆરસીએ લોન્ચિંગ કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય જલ શકિત મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે અત્યાર સુધીમાં ઈઝ્છ ભારતમાં ૧૪૩ શહેરોમાં વિસ્તરી ચૂક્યું છે. આ જોડાણ ત્રણ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે – નેટવર્કિંગ, ક્ષમતા નિર્માણ અને તકનીકી સહાય.

તાજેતરમાં, રિવર સિટીઝ એલાયન્સ વતી સ્વચ્છ ગંગા માટેના રાષ્ટ્રીય મિશને યુએસ મિસિસિપી રિવર સિટીઝ એન્ડ ટાઉન્સ ઈનિશિયેટિવ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પહેલ અમેરિકામાં મિસિસિપી નદીના કાંઠે સ્થિત ૧૨૪ શહેરો/નગરોનું પ્રતિનિધિત્વ કરે છે. આ બંને વચ્ચે સીઓપી-૨૮માં જ મેમોરેન્ડમ ઓફ કોમન પરપઝ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ મહત્વપૂર્ણ કરાર સાથે, રિવર સિટીઝ એલાયન્સની તાકાત ૨૬૭ નદી શહેરોમાં વિસ્તરી છે.

# આગામી સમયમાં દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લાઓમાં માવઠાની સંભાવના

અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ, આણંદ, ભાવનગર, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, જામનગર, ખેડા, મોરબી, નર્મદા, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૨૯ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. તો બોટાદ, ડાંગ સહિતના જિલ્લાઓમાં ૩૦ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે.

તેમજ અરવલ્લી, ગાંધીનગર, કચ્છ, મહીસાગર, મહેસાણા, પંચમહાલ, પાટણ સહિતના જિલ્લાઓમાં ૨૮ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. તેમજ અમરેલી, ભરુચ, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, સુરત, તાપી, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૧ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ, અરવલ્લી, ખેડા, પંચમહાલ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ૧૬ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે. તેમજ આણંદ, છોટાઉદેપુર, જામનગર, જુનાગઢ, નર્મદા સહિતના જિલ્લાઓમાં ૧૭ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે.તો દાહોદ, ગાંધીનગર, મહીસાગર, મોરબી સહિતના જિલ્લાઓમાં ૧૫ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી સંભાવના છે.તો હવામાન શાસ્ત્રી અંબાલાલ દ્વારા આગામી સમયમાં માવઠું થવાની સંભાવના વ્યક્ત કરી છે.

## જાહેર નોટીસ

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી મોરવા(હ)ની કોર્ટમાં મુ.મોરવા(હ), તા.મોરવા(હ)

**અરજદારઃ-** ઠાકોર રામસિંહ મંગળાભાઈ, રહે.વંદેલી, તા.મોરવા(હ), જી.પંચમહાલ

વિરૂધ્ધ

**સામાવાળાઃ-** તલાટી કમ મંત્રીશ્રી, વંદેલી, તા.મોરવા(હ), જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના કાકી નામે **ઠાકોર ગજરાબેન અદેસિંહ**નું મરણ તા.૦૨/૦૫/૨૦૦૫ના રોજ મોજે.વંદેલી, તા.મોરવા(હ), જિ.પંચમહાલ મુકામે થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ, શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે તેમના કાકીના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૧૮/૨૦૨૩ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૧૪, માહેઃ-ડીસેમ્બર, સને ૨૦૨૩ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર મોરવા(હ)

# રાજકોટ એસ.ટી. વિભાગને વધુ ૭૦ નવી બસો ફાળવવામાં આવશે

રાજકોટ,

છેલ્લા કેટલાંક સમયથી એસ.ટી. નિગમમાં નવી બસોની આવક બંધ થઈ ગઈ હતી. પરંતુ હવે ફરી આવતા સપ્તાહથી જ રાજકોટ સહિત રાજયભરમાં ૧૬ ડિવીઝનોને નવી બસોની ફાળવણી શરૂ કરી દેવામં આવનાર હોવાનું એસ.ટી. વિભાગનાં સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. આ અંગેની એસ.ટી. વિભાગનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આવતા સપ્તાહની શરૂઆતથી જ રાજકોટ એસ.ટી.વિભાગને નવી ૧૦ બસો પ્રથમ તબકકામાં ફાળવવામાં આવનાર છે. ત્યારબાદ ક્રમશઃ કુલ ૭૦ જેટલી નવી બસો રાજકોટ વિભાગને મળનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાંક દિવસોથી નરોડા વર્કશોપ ખાતે નવા વાહનોનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. અને હવે મોટા ભાગની નવી બસો તૈયાર થવા આવી છે. ત્યારે આવતા ત્રણ માસ દરમ્યાન રાજકોટ સહિત રાજયભરમાં એસ.ટી. નિગમ દ્વારા ૧૨૦૦ નવી બસો ફાળવનાર છે. નવા વાહનોમાં ડિલકસ, સુપર ડિલકસ, ગુર્જરી નગરી, મિની બસો સહિતનાં જુદા જુદા વાહનોનો સમાવેશ થાય છે. રાજકોટ વિભાગને આવતા સપ્તાહમાં ડિલકસ અને સુપર ડિલકસ પ્રકારની નવી બસો ફાળવાય તેવી શકયતા છે.

# ભારત પર હુમલાનું પાક.નું કાવતરું લોન્ચપેડ પર ૩૦૦ આતંકી તૈયાર

જમ્મુ,

ભારત સાથે ચાર-ચાર યુદ્ધમાં પછડાટ ખાધા છતાં અને આર્થિક રીતે કંગાળ થઈ જવા છતાં પાકિસ્તાન ભારતમાં આતંકી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના તેના કરતૂતો છોડતું નથી. પાકિસ્તાન સરહદે ૨૫૦થી ૩૦૦ આતંકીઓ લોન્ચપેડમાં જમ્મુ-કાશ્મીરમાં હુમલાની તૈયારી કરી રહ્યા છે. બીએસએફના ઈન્સ્પેક્ટર જનરલ અશોક યાદવે દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં કહ્યું કે ગુપ્ત માહિતી મળી છે કે પાકિસ્તાનની સરહદના લોન્ચપેડમાં ૨૫૦થી ૩૦૦ આતંકીઓ જમ્મુ-કાશ્મીરમાં હુમલો કરવાની રાહ જોઈને બેઠા છે, પરંતુ સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરમાં બધા જ સંવેદનશીલ વિસ્તારો પર કબજો કરી લીધો છે અને સતત સાવચેતી રાખી રહ્યા છે, જેના કારણે તેઓ ભારતમાં ઘૂસણખોરી કરવાની હિંમત નથી કરી રહ્યા. તેમણે કહ્યું હતું કે, બીએસએફ અને સૈન્યના જવાનો સરહદીય વિસ્તારોમાં આતંકીઓના ઘૂસણખોરીના પ્રયત્નોને નિષ્ફળ બનાવી દેશે. અમને વિશ્વાસ છે કે અમે આતંકીઓને તેમના ઈરાદામાં સફળ થવા દઈશું નહીં. તેમણે ઉમેર્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં સુરક્ષા દળો અને કાશ્મીરના લોકો વચ્ચેનું જોડાણ વધી ગયું છે. લોકો અમને સહયોગ આપતા રહેશે તો અમે વિકાસાત્મક પ્રવૃત્તિઓ વધુ સારી રીતે આગળ વધારી શકીશું.

દરમિયાન જમ્મુ-કાશ્મીરના ડીજીપી આરઆર સ્વૈને શનિવારે જણાવ્યું હતું કે, કાશ્મીર ખીણમાં છેલ્લા કેટલાક સમયથી બંદૂકો શાંત છે. પોલીસ સતત 'શૂન્ય ઘૂસણખોરી, શૂન્ય આતંકી ભરતી, શૂન્ય હથિયારોની દાણચોરી'ના લક્ષ્યાંક હાંસલ કરવા તૈયાર છે. સ્વૈને ઉમેર્યું હતું કે, આ વર્ષે સ્થાનિક આતંકીઓની સંખ્યા ૨૦થી પણ ઓછી થઈ ગઈ છે, જે વર્ષ ૨૦૨૨માં ૧૦૦થી વધુ હતી. જોકે, વિદેશી આતંકીઓ સુરક્ષા દળો માટે પડકારરૂપ છે. તેમણે કહ્યું હતું કે અમે વિદેશી આતંકીઓની સંખ્યા અંગે ચોક્કસ માહિતી જણાવવા માગતા નથી, પરંતુ તે સુરક્ષા દળો માટે પડકારરૂપ છે. જોકે, છેલ્લા કેટલાક સમયમાં આતંકી સંબંધિત ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પરંતુ જમ્મુ-કાશ્મીરમાં સંપૂર્ણ શાંતિ માટે હજુ થોડો સમય લાગશે. પાકિસ્તાન સતત ભારતમાં આતંકીઓને ઘૂસાડવાનો પ્રયત્ન કરતું રહ્યું છે અને તેમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. ડીજીપી સ્વૈને જણાવ્યું કે, અમે 'શૂન્ય ઘૂસણખોરી, શૂન્ય આતંકી ભરતી, શસ્ત્રો-હથિયારો, ડ્રગ્સની શૂન્ય દાણચોરી'ના લક્ષ્યાંક પર કામ કરી રહ્યા છીએ. વધુમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલા અથવા ઘટનાઓની સંખ્યાની દૃષ્ટિએ કદાચ કોઈ પ્રગતિ જોવા મળતી ના હોય. એટલે કે રાજ્યમાં નિયમિત સમયાંતરે આતંકી ઘટનાઓ થઈ રહી છે, પરંતુ એકંદર આતંકી ઘટનામાં ઘટાડો થયો છે.

# વિકાસના માર્ગે કોઈ અડચણ ન આવે આથી શિવસેનાને પાડવામાં આવી, ઉદ્ધવ ઠાકરે



મુંબઈ,

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્ય સરકાર અને અદાણી સમૂહ પર આકરા પ્રહાર કર્યા. સાથે જ મહાવિકાસ અઘાડી સરકારે કોણે અને શા માટે પાડી? તેની પાછળ કોણ હતા? આ રહસ્ય પરથી ઉદ્ધવ ઠાકરેએ પર્દો ઉઠાવ્યો. શનિવારે ઉદ્ધવ ઠાકરે સાથે પાર્ટી કાર્યકર્તાઓએ અદાણી ઉદ્યોગ સમૂહના કાર્યાલય તરફ વિશાળ માર્ચ યોજી હતી. આ તકે ઉદ્ધવ ઠાકરેએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ભારે ટીકા કરી. ઉદ્ધવ ઠાકરેએ માગ કરી કે સરકાર ધારાવીનો વિકાસ કરે. આ ગેરબંધારણીય સરકાર છે. તેમને લાગે છે કે તેમને કોઈ સવાલ નથી પૂછી શકતુ. વર્ષમાં જ્યારે અદાણીને સવાલ પૂછો તો ભાજપ જવાબ આપે છે. ઉદ્ધવ ઠાકરેએ પીએમ મોદીની નકલ કરી. ઠાકરેએ આરોપ લગાવ્યો કે ધારાવી વિકાસ પરિયોજનામાં અનેક ખામીઓ છે. સરકાર તરફથી આ પ્રોજેક્ટની જવાબદારી અદાણી ઉદ્યોગ ગૃપને આપવામાં આવી છે. સાથે જ ઉદ્ધવ ઠાકરેએ માગ કરી કે ધારાવીકરોને માત્ર ૩૫૦ વર્ગ ફુટના ઘરના બદલે ૫૦૦ વર્ગ ફુટનુ ઘર આપવુ જોઈએ. તેમણે કહ્યુ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યુ હતુ આ સરકાર સુટબુટવાળી સરકાર છે. તેમને બુટ કરવા માટે અમને સુટ કર્યા. અમારી સરકાર આવશે તો દેખાડી દઈશુ કે બૂટ શું હોય છે. જુતા ધારાવીમાં બને છે, પાપડ બને છે. આચાર બને છે. તેમણે કહ્યુ સરકારે ધારાવીનો વિકાસ કરવો જોઈએ. છૂટછાટ અને અધિકારોના વિસ્તારની જોગવાઈ કરવામાં આવી છે. તમે ક્યા બિલ્ડરને છૂટ આપી? કોઈ ડર રહેશે નહીં. ભાજપ સરકાર દલાલ છે. નગરપાલિકાની ચૂંટણી કરાવવાની હિંમત નથી. નગરપાલિકાની ચૂંટણી થશે તો અમે આવશુ તો પછી અદાણીનું શું થશે? તેમણે કહ્યુ વિકાસના માર્ગે કોઈ અડચણ ન આવે આથી શિવસેનાને પાડવામાં આવી. મારી પાર્ટીનું ચૂંટણી નિશાનની ચોરી કરી. પરંતુ તમે વીજળી કેવી રીતે ચોરી શકો. વિશ્વાસ કેવી રીતે ચોરી શકો? તમારી પાસે કાગળ કલમ હશે પરંતુ અમારી પાસે જમીન પર તાકાત છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં ટેકાના ભાવે ડાંગર ખરીદીમાં ભાવ ઓછો મળતાં ખેડુતો વેચાણ માટે નિરાશ



સંતરામપુર,
ગુજરાત સરકારના ટેકાના ભાવની ડાંગરની ખરીદીમાં ગયા વર્ષ કરતાં આ વખતે સરકારની ડાંગરની આવકમાં ઘટાડો જોવા મળ્યો ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને ટેકાના સારા ભાવ મળી રહે તેના હેતુથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને ખેડૂતો માટે ટેકાના ભાવે ડાંગર આપવા માટેની સરકારે જાહેરાત કરવી હતી ગયા વર્ષે ખેડૂતોએ બે લાખ ૨૬ હજાર કટ્ટાઓ ડાંગરની ખરીદી કરી હતી પરંતુ આ વખતે સરકાર તરફથી ડાંગરનો ભાવ રૂપિયા માત્ર ૪૩૬ મળતા આ વખતે ખેડૂતોએ ટેકાના ભાવે ૧,૩૦,૦૦૦ કટ્ટાની ડાંગરની ખરીદી થઈ ગત વર્ષ કરતી આ વખતે ડાંગરની આવકમાં ૭૦ ટકા જેટલો તફાવત જોવા મળી આવેલો હતો જયારે બીજી બાજુ અનાજના ખાનગી વેપારીઓએ સરકાર સામે બાયો ચડાવીને ખેડૂતોને લોભ અને લાલચ આપીને ૪૩૬ ના બદલે ૪૫૦ ના ભાવે ડાંગર લેવાનું નક્કી કરતા ખેડૂતો મોટાભાગના ઓનલાઇન રજીસ્ટ્રેશન કર્યા પછી પણ ખાનગી માર્કેટમાં ડાંગરનું વેચાણ કર્યું આ વખતે ખેડૂતોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન માં ૨૧૨૯ થયા હતા જેમાં માત્ર ટેકાના ભાવ ડાંગરની વેચાણમાં ૮૦૦ ખેડૂતો ડાંગર જમા કરાવી બીજા ખેડૂતોએ હજુ સુધી ડાંગર સરકારને ટેકાના ભાવે આપી જ નથી આ વખતે ખેડૂતોએ સંતરામપુર એફસીઆઇ ગોડાઉન પર ડાંગરનું વેચાણ કરવા ના જતા ભીડ ઓછી જોવા મળી હતી ગુજરાત સરકાર ટેકાનો ભાવ જાહેર કર્યા પછી પણ ભાવ સારો ના આવતા ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી આવેલો હતો.

# ખેડાનાં નડિયાદમાં જમીન મામલે કાઉન્સિલરનાં દીકરાની દાદાગીરી સામે આવી છે

નડિયાદ,
ખેડાનાં નડીયાદમાં જમીન મામલે ભાજપનાં કાઉન્સિલરનાં દીકરા વિવેક પટેલની દાદાગીરી સામે આવી છે. વૃદ્ધ મહિલાએ તેનાં ખેતરમાં બનાવેલ ઓરડી કાઉન્સિલરનાં પુત્ર દ્વારા મહિલાની સામે તોડી નાંખી હતી. તેમજ વૃદ્ધાને લાફા માર્યા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ત્યારે આ સમગ્ર ઘટનાને લઈ નડીયાદ પશ્ચિમ પોલીસ મથકે વિવેક પટેલ સહિત ૨ લોકો સામે ફરિયાદ નોંધાવા પામી છે. વિજય પટેલ હાલ નડીયાદ નગર પાલિકાનાં વોર્ડ નંબર ૧૧ નાં કાઉન્સિલર છે.

આ બાબતે કાઉન્સિલર વિજય ઉર્ફે બબલ પટેલે જણાવ્યું હતું કે, જમીનનાં પુરાવા મારી પાસે છે. જમીન મારી માલિકીની છે. ૭/૧૨ નું રેકોર્ડ, ટીપી સ્કીમનું રેકોર્ડ, નગર પાલિકાનું ટીપી ફાઈનલ બી ફોર્મ એ બધું જ છે. પછી દૂધનું દૂધ અને પાણીનું પાણી ખબર પડી જશે. મારો છોકરો એક બિઝનેસમેન છે. મારો પોતાનો પેટ્રોલ પંપ છે. છોકરો પેટ્રોલ પંપ ચલાવે છે. સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી અને સાંજે ૪ થી ૯ વાગ્યા સુધી પેટ્રોલ પંપ પર જ હોય છે. મારી જમીનમાં વૃદ્ધાએ ઓરડી બાંધી છે. તેમજ મારી જમીન તેમણે લઈ લેવી છે. એનાં માટે આ કારસો રચ્યો છે.

આ બાબતે ભાનુબેન રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંતરામ ડેરી રોડ ત્યાં આગળ મારી જમીન આવેલી છે. સર્વે નં. ૪૬૭ એ સર્વે નંબર જમીનની બાજુમાં વિજયભાઈ ઉર્ફે બબલભાઈ અને તેમનો દિકરા વિવેક તેમજ આનંદ સાથે ૧૩ તારીખે આ તમામ લોકો સાથે બોલાચાલી થવા પામી હતી. અને મારી ઓરડી તોડી નાંખી હતી. થોડા દિવસ બાદ મારી ઓરડી તોડી નાંખી હોવાની જાણ થતા હું મારી જમીન ઉપર ગઈ હતી. ત્યાં પહોંચ્યા બાદ બિલ્ડર યોગેશભાઈએ વિવેકને બોલાવ્યો હતો. તે દિવસે અમારે બોલાચાલી થઈ હતી. જે બાદ અમે ફરિયાદ લખાવવા જતા હતા. ત્યારે વિજયભાઈ ઉર્ફે બબલભાઈએ અમને ડેરીવાળા ઓવર બ્રિજ પાસે બોલાવ્યા હતા. જયાં વિજયભાઈએ અમારી પાસે માફી માંગી સમાધાન કર્યું હતું. જે બાદ તેમણે જવાબદારી લીધી કે તમારી ઓરડી હું બનાવી આપીશ તેમજ બ્રાઉન્ડ્રી બનાવી આપીશ. તમારો જે સામાન હશે તે હું આપી દઈશ. જે બાદ બીજા દિવસે યોગેશભાઈ બિલ્ડરે અમને ત્યાં બોલાવ્યા હતા. ત્યારે વચ્ચે રહેલ કાનાભાઈને લઈ અમે ત્યાં ગયા હતા. જે બાદ વિવેકને ત્યાં બોલાવ્યો હતો. જે બાદ વિવેકે મને ત્યાં અપશબ્દો બોલ્યો હતો. અને કહેલ કે ઓરડી નહી ચણી આપું. અને મને બે લાફા માર્યા હતા. જે બાદ અમે પોલીસ ચોકીએ જઈ ફરિયાદ નોંધાવી હતી.

# લુણાવાડા તાલુકાના મોટી ચરેલ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઢોલના તાલે પરંપરાગત ઉષ્માભેર સ્વાગત



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મોટી ચરેલ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા મોદી સરકારની ગેરંટીના રથનું સરપંચ સહીત ગ્રામજનોએ ઢોલના તાલે પરંપરાગત સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં યાત્રા ઈન્ચાર્જ મુળજીભાઈ રાણા, સરપંચ લીલાબેન સોલંકી, ઈન્દુભાઈ સોલંકી, જિલ્લા આયોજન અધિકારી રાહુલ ગુપ્તા, ડે.સરપંચ પ્રતાપભાઈ પટેલીયા, ટીપીઓ મહેશભાઈ, તલાટી કમ મંત્રી, શાળા પરિવાર અગ્રણીઓ રમેશભાઈ, શાંતિલાલ, અધિકારીઓ કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મોટી ચરેલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ઉજજવલા યોજના, આયુષ્માન કાર્ડ યોજના તથા પૂર્ણા શકિત યોજના સહિતની સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકિય લાભો વિતરણ કરવામાં આવ્યા હતા. જયારે મોટી ચરેલ પ્રાથમિક શાળાના તેજસ્વી તારલાઓનું બહુમાન કર્યું હતું. વધુમાં તેમણે યાત્રાના કાર્યક્રમના સ્થળ ઉપર ઉભા કરવામાં આવેલ યોજનાકિય પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ જાણકારી મેળવી કોઈપણ લાભાર્થી સરકારી લાભથી વંચિત ન રહી જાય તે માટે લાભ લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત કિસાન સન્માન નિધિ, આવાસ યોજના, પીએમજય યોજના, ઉજ્જવલા યોજના, પોષણ યોજના, સ્વચ્છ ભારત મિશનના લાભાર્થીએ પોતાને મળેલા લાભની વાત કરી હતી. ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલ દ્વારા યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. વિવિધ યોજનાની માહિતી આપતી રથની સ્કીન પર ફિલ્મ ગ્રામજનોએ નિહાળી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન સીઆરસી સંજય પંચાલે કર્યું હતું.

# સંતરામપુર MGVCL દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વીજ બીલના નાણાંની વસુલાત કરાઈ



સંતરામપુર,
સંતરામપુર મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સંતરામપુર શહેર અને વિવિધ ગામડાઓમાં બાકી નીકળતી વીજ બિલના નાણા વસૂલ કરવામાં આવ્યા સંતરામપુર અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૦૦ ઉપરાંત ગ્રાહકોના બાકી નીકળતા ડિશ કનેક્શન ડ્રાઈવ કરવામાં આવી હતી જેમાં ૨૯ ટીમ અલગ અલગ ગામડાઓમાં ફરીને બાકી નીકળતા નાણા વસૂલ કરવામાં આવેલા હતા સંતરામપુર અને વિવિધ ગામોમાં કુલ ૨૭ લાખ રૂપિયા વસુલાત કરવામાં આવેલા હતા અને ૮૩૪ ગ્રાહકોના રકમ લેવામાં આવેલી હતી જ્યારે નાણાની ન ચૂકવણી કરતા આશરે ૧૧૦ જેટલા વીજ જોડાણ કાપવામાં આવેલા હતા મધ્ય ગુજરાત વીજ કંપનીના અલગ અલગ ટીમ બનાવીને MGVCL ના કર્મચારીઓ ઘરે ઘરે બાકી નીકળતાં રકમ વસૂલ કરવા સપાટો બોલાવેલો હતો સંતરામપુર શહેર મોવાસા કાળીબેલ લીમડા મુવાડી આંજણવા રાણીજીની પાદેડી કુરેટા ગોઠીબ હીરાપુર ખેડાપા પાદેડી અડોર ડોડી લીમડી આ તમામ જગ્યાએ એક સાથે બહારથી આવેલી ટીમ અને આદેશ મુજબ દરેક ગામડાઓમાં વીજ પુરવઠાના રકમ વસૂલ કરવા માટે ચારે બાજુ સપાટો બોલાવેલો હતો માત્ર બે દિવસની અંદર આ ૨૯ ટીમે ૨૭ લાખ રૂપિયા વસૂલાત કરી કેટલાક વીજ પુરવઠા ના ગ્રાહક હોય ઓનલાઈન રકમ ચૂકવી ત્યારે કેટલાક સ્થળ ઉપર જ રોકડા રકમ જમા કરાવી આ રીતે MGVCL દ્વારા બાકી નીકળતા નાણા વસૂલ કર્યા.

# સંતરામપુર નગરમાં રખડતા પશુઓનો આતંક વધ્યો



સંતરામપુર,
સંતરામપુર નગરમાં રખડતા પશુઓ તોફાની બનતા રહીશોમાં ભય વધ્યો ગુજરાત સરકારનો પરિપત્ર અને નગરપાલિકાનું જાહેરનામું રખડતા પશુઓ માલિકો પર કોઈ અસર નહીં પરંતુ આ રખડતો પશુઓ છેલ્લા બે દિવસમાં વધારે તોફાની બનતા સોસાયટી વિસ્તારમાં રહીશોને નુકસાન પહોંચાડવાનું વધારે જોવા મળી આવેલું છે સરદાર નગર સોસાયટીમાં નારણ નગર સોસાયટીમાં મંગલ જ્યોત અમરદીપ અને જાહેર માર્ગો પર મોટાભાગના વાહનો પાર્કિંગ કરેલા જ્યારે રખડતા પશુઓ તોફાની બને છે વાહનોને નુકસાન કરે છે શનિવારના રોજ સાંજે રખડતા પશુઓ તોફાની બનતા એક બાઈક ચાલકને શિંગડું મારીને ઉછાળીએ ફેંકી મૂક્યો હતો તે સમય દરમિયાનમાં લોકો દોડી આવતા બાઇક ચાલક અને નાના છોકરાનો પણ આભાર બચાવ થયેલો હતો આવી ભયંકર ઘટનાઓ બને છે તેમ છતાં પાલિકા તંત્ર જાહેરનામું બહાર પાડીને તેમની કામગીરી પૂર્ણ સમજે છે પરંતુ દિન પ્રતિદિન રખડતા પશુઓને કારણે સોસાયટી વિસ્તારના રહીશોની અને નગરજનો માટે જોખમકારક ઊભું થયેલું છે રખડતા પશુઓ માલિકો ઉપર અને રખડતા પશુઓ પર ક્યારે લગામ લાવશે નગરમાં ચર્ચાનું વાયું એક પકડો છે.

# બાલાસિનોર તાલુકાના વડદલા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા નો રથ આવી પહોંચ્યો હતો



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,
બાલાસિનોર તાલુકાના વડદલા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો જેમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવાનો તેમ જ આપવા પાત્ર તમામ નાગરિકોને ઘરે બેઠા લાભ પહોંચાડવાનો છે જેમાં રથને આવકારવા બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય અને વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક, મહીસાગર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ દિનેશભાઈ પટેલ, બાલાસિનોર તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ કાંતિભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ રામાભાઈ સોલંકી, મહીસાગર જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન પુરુષોત્તમભાઈ ઠાકોર.

# સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે વિકસિત ભારત સંકલનનો કાર્યક્રમ યોજાયો




સંતરામપુર,
સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે જશવંતસિંહ ભાભોરના ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલનનો કાર્યક્રમ યોજાયો. સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે યોજનાઓ ઘર-ઘર સુધી પહોંચાડવાનો સરકારનો સંકલ્પ જશવંતી ભાગોર દાહોદ જિલ્લાના સાંસદ અને પૂર્વ કેન્દ્ર મંત્રી જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલન યાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો જેમાં જશવંતસિંહ ભાભોર સંબોધન કરતા જણાવ્યું કે ભારત સરકાર અને ગુજરાત સરકારની ગરીબ લાભાર્થીઓને તમામ યોજનાઓ પ્રત્યેક ઘર-ઘરે સુધી પહોંચાડવાનો વડાપ્રધાન તથા મુખ્યમંત્રીએ સંકલ્પ યાત્રાનો યાત્રાઓ દ્વારા લાભાર્થીઓને લાભ પહોંચે પ્રજાજનોને વિવિધ યોજનાઓના લાભ મળે તે માટે તાલુકા વહીવટી તંત્ર દ્વારા વિવિધ યોજનાઓ સ્ટોલ ગોઠવી લાભ આપવા માટે આવી રહેલા છે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં દરમિયાનમાં ભાજપના અગ્રણી જિલ્લા પ્રમુખ દશરથસિંહ બારીયા તાલુકા પ્રમુખ હરીશભાઈ વડવાઈ સંતરામપુરના પ્રાંત અધિકારી મામલતદાર નંદાબેન ખાટ જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો અને અનેક મહા અનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો દ્વારા રાજસ્થાન એકલિંગજી ખાતે કુળદેવી કાત્યાયની માતાજીનો ભવ્ય શતચંડી યજ્ઞ યોજાશે

મલેકપુર,
મેવાડના રાજા રાણા મહારાણા પ્રતાપ શ્રીના કુલગોર તરીકે પ્રસ્થાપિત થયેલા મેવાડના નાગદા ગામના ત્રિવેદી મેવાડા સમાજના બ્રાહ્મણો મહારાણા પ્રતાપના શાસન બાદ ગુજરાતમાં સ્થાળંતર થઈ વસ્યા હતા. ઘણા વર્ષો બાદ મેવાડના આ બ્રાહ્મણો પોતાના માદરે વતન રાજસ્થાન સ્થિત ઈષ્ટદેવ એકલિંગજી. કૈલાશપુરી ખાતે આગામી ૨૪/૧૨/૨૦૨૩ના રોજ કુળદેવી કાત્યાંયની માતાજીનો ૧૧૧ શતચંડી યજ્ઞ કરીને પૂર્વજોને ઋણાજંલી આપવા તેમજ જ્ઞાતિના કલ્યાણ માટે સુંદર કાર્ય કરી રહ્યા છે. આ મહાયજ્ઞમાં ગુજરાત અને ગુજરાત બાર વસતા ત્રિવેદી મેવાડા સમાજ અને ભટ્ટ મેવાડા સમાજના હજારો ભક્તજનો આ કાર્યમાં જોડાવાના છે. આ કાર્યક્રમમાં મેવાડના હાલના રાજવી કુમાર લક્ષરાજસિંહ મહારાજા ઉદેપુર, ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમનું આયોજન પાવાગઢ સ્થિત મહર્ષિ વિશ્વામિત્ર વૈદિક સંસ્કૃત પાઠશાળા સુંદર રીતે કરી રહી છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ ગુજરાત ના સૌ ભૂદેવ ખૂબ જ ઉમદા કામગીરી કરી રહ્યા છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો તો તેમાં ફાયદો થશે અને તમારો હેતુ પૂરો થશે.

વૃષભ : આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે.

મિથુન : આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે. પૂજા અને સત્સંગમાં તમારી રુચિ વધશે.

કર્ક : આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે કેટલાક પૈસા બચાવવાની જરૂર છે. આજે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

સિંહ : આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે. આજે તમે તમારી સુવિધા વધારવા માટે પૈસા ખર્ચ કરશો અને તમને તેમાં લાભ મળશે. તમે તમારી વાત લોકો સમક્ષ મુકી શકશો.

કન્યા : આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો ખરાબ કાર્યો થશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે. પૈસા મળવાથી ભંડોળ વધશે અને રોજગાર મેળવતા લોકોના હક વધશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં વિજય મળશે.

તુલા : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે. આજે તમને વાહનની ખરીદી કરી શકો છો.

ધન : આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે. સાંજથી રાત સુધીનો સમય ધાર્મિક કાર્યોમાં વિતાવશે અને તમને લાભ મળશે. શુભ ખર્ચ પણ થઈ શકે છે જેના કારણે તમારી ખ્યાતિ વધશે.

મકર : આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે. ધાર્મિક કાર્યોમાં વધુ રસ રહેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે. ડહાપણથી લીધેલા નિર્ણયો લાભ આપશે અને આજે તમારું મન ભગવાનની ભક્તિમાં વ્યસ્ત રહેશે. તમારા પ્રયત્નો અને આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે. ઉત્કૃષ્ટ ચંદ્ર તમને અચાનક આજે કોઈ મહાન અધિકારીને મળવા માટે મદદ કરી શકે છે. ભવિષ્યમાં તમને તેનો ફાયદો થશે. સાંજે જમવા માટે સ્વાદિષ્ટ ખોરાક મળશે.

# પંચમહોત્સવના સુચારૂ આયોજન અને અમલીકરણ અંગે જિલ્લા કલેકટર આશિષ કુમારની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આવેલ ચાંપાનેર-પાવાગઢ તા.હાલોલ એક ઐતિહાસિક મહત્વ ધરાવતું પ્રવાસન મથક છે. જેને યુનેસ્કો દ્વારા ''વર્લ્ડ હેરિટેજ સાઈટ'' તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલ ભરપૂર શક્યતાઓ જોતા યોગ્ય પ્રચાર પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તથા સ્થાનિક રોજગારીની તકોમાં વધારો લાવી શકાય તે હેતુસર વર્ષ ૨૦૧૫થી પ્રતિ વર્ષ પંચમહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આવો, અમારે આંગણે ભૂતકાળની ભવ્યતાને ફરીથી ઉજવવાનો ઉત્સવ પંચમહોત્સવ ચાલુ વર્ષ ૨૦૨૩ દરમિયાન આગામી તા.૨૫ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી યોજાશે. પંચમહોત્સવનું આયોજન વડા તળાવ, તા.હાલોલ ખાતે કરાશે. સદર મહોત્સવના સુચારૂ આયોજન અને અમલીકરણને લઈને પંચમહાલ જિલ્લા કલેક્ટર આશિષ કુમારની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, ગોધરા ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરએ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવા માટે સુચારૂ સલાહ સૂચનો કર્યા હતા. જેમાં પાણી, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, બાઈક રેલી, પ્રચાર પ્રસાર સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરાઈ હતી. આ દિવસો દરમિયાન કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે. આ સાથે તમામ આયોજનને લઈને પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતુ. પંચમહોત્સવસાઈટ ખાતે ક્રાફ્ટ બજાર, સ્ટોલ, હેરિટેજ વોક, ટેન્ટ સિટી, ટ્રાઈબલ ફુડ, પેઈન્ટીંગ પ્રદર્શન, સાઈકલ યાત્રા, ફોટોગ્રાફી સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાશે. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, જિલ્લા વન સંરક્ષક અધિકારી મીના, પ્રાંત અધિકારીઓ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરમાં પતંગ દોરીના વેપારીઓ પાસે ખાનગી ધોરણે ચાઈનીઝ દોરીનું સંગ્રહ તપાસ જરૂરી



સંતરામપુર,
સંતરામપુરમાં ઉતરાયણના આગમન પહેલા જ ચાઈનીઝ દોરી જોવા મળી આવી ભારત સરકાર દ્વારા ચાઈનીઝ વસ્તુ પર લગામ અને પ્રતિબંધ મૂક્યા પછી પણ ખાનગી ધોરણે મોટા પ્રમાણમાં ચાઈનીઝ વસ્તુઓ અને દોરી નુ ગુસણખોરી અને વેચાણ જોવા મળી આવેલું છે હજુ ઉત્તરાયણના એક મહિનો બાકી કે તે પહેલા જ નગરના અલગ અલગ વિસ્તારોમાં રજાના સમયમાં બાળકો પતંગ ઉડાવીને ઉમંગ મળતા હોય છે ત્યારે કેટલાક વિસ્તારોમાં હજુ પણ ઉતરાણ પહેલા જ ચાઈનીઝ દોરીના ટુકડાઓ ખુલ્લામાં ઠેર ઠેર જોવા મળી આવેલા છે ઉત્તરાયણ પહેલા જ મહીસાગર જિલ્લામાં અને સંતરામપુરમાં મોટાભાગના વ્યાપારીઓ અત્યારથી જ ચાઈનીઝ દોરી સંગ્રહ કરતા તેવું અનુમાન જણાઈ રહ્યું છે જો સ્થળ તપાસ કરવામાં આવે ચેકિંગ કરવામાં આવતા મોટાભાગના દરોડા પાડવામાં આવે તો ચાઈનીઝ દોરીનો જથ્થ મળી રહે તેનો કોઈ બે મત નહીં.

# મહિસાગર જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળામાંથી જાતિ પ્રમાણપત્ર મળે તેવી સુવિધા કરવા માંગ

બાકોર,
મહિસાગર જિલ્લામાં વિદ્યાર્થીઓને જાતિના પ્રમાણપત્રો શાળામાંથી જ મળી શકે તેવી સુવિધા ઉભી કરવા માંગ કરાઈ છે.

ખાનપુર તાલુકામાં બક્ષીપંચની વસ્તી વિશેષ પ્રમાણમાં છે. ત્યારે બાળકોને જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત જુની પ્રણાલી પ્રમાણે વિદ્યાર્થીની શાળા દરખાસ્ત કરી જે તે વડી કચેરી મારફતે તે પ્રમાણપત્રો શાળાને મોકલી આપવામાં આવે તેવી પ્રજાની માંગણી છે. જેથી વિદ્યાર્થી અને વાલીઓના સમય, નાણાંનો બચાવ થાય તેમજ સરકારી ઓફિસોના ધકકા ખાવામાંથી મુક્તિ મળે તેમ પ્રજા ઈચ્છી રહી છે. રાજયના અન્ય તાલુકા અને જિલ્લામાં આ પ્રકારની વ્યવસ્થા છે. જેથી મહિસાગર જિલ્લામાં પણ આ પ્રકારની સુવિધા ઉભી કરવા માંગ કરાઈ છે. જેથી તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરી વિદ્યાર્થીઓને શાળા મારફતે શાળાના પ્રમાણપત્ર સાથે જાતિ પ્રમાણપત્ર મેળવી શકે એવી સુવિધા શરૂ કરવા પ્રજાની માંગ છે.

# ખાનપુરના બાકોર બસ સ્ટેન્ડમાં જાહેર શૌચાલયના અભાવે મુસાફરોને હાલાકી

બાકોર,
ખાનપુર તાલુકાના બાકોર ખાતેના એસ.ટી.બસ સ્ટેશનમાં શૌચાલયની સુવિધાના અભાવે મુસાફરો અને કર્મચારીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ખાનપુર તાલુકાના મુખ્ય મથક બાકોર ખાતે વિવિધ સરકારી ઓફિસો આવેલી છે. જ્યાં કામકાજ માટે રોજના લાખો લોકોની અને કર્મચારીઓની અવર જવર રહેતી હોય છે. છતાં બાકોર બસ સ્ટેશન પર શૌચાલયની સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે ખાસ કરીને મહિલાઓને ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. એસ.ટી.નિગમ દ્વારા હાલમાં સ્વચ્છતાં અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. ત્યારે તાલુકાના મુખ્ય મથકના બસ સ્ટેન્ડ પર જ આ પ્રકારની પ્રાથમિક સુવિધાઓન અભાવ ઉડીને આંખે વળગે તેવો છે. ખાનપુર તાલુકાના અસ્તિત્વના દોઢ દાયકા પછી પણ વિકાસ અને પ્રગતિ શુન્ય જોવા મળે છે. જેથી બસ સ્ટેશન પર વહેલીતકે શૌચાલયની સુવિધા ઉભી કરવા માંગ કરવામાં આવી રહી છે.

## દાહોદમાં નકલી કચેરી બાદ હવે ખેતી લાયક જમીનમાં

# નકલી TDO નો હુકમ સામે આવતા કલેક્ટરે જમીન સરકારશ્રી કરવા હુકમ કર્યો

દાહોદ,

ગુજરાતમાં નકલી મામલાઓએ ચકચાર મચાવી રાખી છે જેમાં દાહોદમાંથી નકલી સરકારી કચેરીઓ અસ્તિત્વમાં આવ્યા બાદ સમગ્ર મામલે ભાંડા ફોડ થયો હતો ત્યારે હવે ખેતી લાયક જમીનમાં બીન ખેતીની નોંધ પડી ગઈ અને તાલુકા વિકાસ અધિકારીનો નકલી હુકમ રજુ કરાતા ચકચાર મચી જવા પામી છે.

દાહોદ શહેરમાં આવેલી રેવન્યુ સર્વે ૯૬૩/૧ અને ૯૬૩/૨ વાળી જમીન મૂળ આદિવાસીઓની અને ૭૩અઅ નિયંત્રણ વાળી હતી આ જમીન મામલે કલેક્ટર કચેરીમાં ૭૩અઅ નો ભંગ બીન ખેતીની કાયદેસરતા તેમજ ડીપી રોડ પ્લાન ભંગ મામલે અરજદાર દ્વારા રજુઆત કરાઈ હતી આ મામલે કલેક્ટરે પ્રાંત અધિકારી પાસેથી સમગ્ર મામલાનો અહેવાલ મંગાવતા અને ૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ સુનાવણી રાખીને કેસ ઠરાવ ઉપર લેવામાં આવ્યો હતો અને રેકર્ડની તપાસ કરતા ૯૬૨/૧ અને ૯૬૩/૨ રેવન્યુ સર્વે નંબર વાળી જમીનમાં ૨૩૬૪૧ ની સીટી સર્વે વાળી જમીનમાં બીન ખેતી અંગેની નોંધ ૨૬ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ નોંધવામાં આવી હોવાનું સામે આવ્યું હતું જે જમીનનો કેટલોક હિસ્સો હાલમાં ખેતીના હેડે ચાલે છે આ નોંધના આધારે જમીન જુદા જુદા વ્યક્તિઓને વેચાણ પણ કરી દેવાનું સામે આવ્યું છે આ અંગે દાહોદ તાલુકામાં પત્ર વ્યવહાર કરવામાં આવતા TDO ના ૨૫ જુલાઈ ૨૦૨૩ ના પત્ર ક્રમાંક તા/૫ મહેસુલ વશી/૩૭૯ ૩૮૦ થી જણાવાયું હતું કે સવાલવાળી જમીન બાબતે તેમની કચેરીએથી આ સર્વે નંબરમાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કોઈપણ પ્રકારનો બીન ખેતીનો હુકમ કરાયો નથી જેથી કલેક્ટરે પ્રાંત અધિકારીના તપાસ અહેવાલ અભિપ્રાય સીટી સર્વે સુપ્રીટેન્ડેટના અહેવાલ TDO ના જવાબો અને રેકર્ડડીય હકીકત આધારે તારણો કાઢયા હતા જેમાં જણાવાયું હતુ કે જમીન ૭૩અઅ નિયંત્રણ સત્તા પ્રકારની નોંધ ૧૩૦૭૬ તારીખ ૩૧ ઓગસ્ટ ૧૯૮૧ થી નિયંત્રણો વાળી છે સીટી સર્વે સુપ્રીટેન્ડેટ દાહોદના રેકર્ડે આ જમીન TDO દાહોદના ૧૦ મે ૨૦૧૮ અને ૩૦ જુન ૨૦૧૮ ના બીન ખેતી હુકમના આધારે સર્વે નંબર ૫૯૮૦ થી નોંધ કરાઈ છે આ જમીનમાં તાલુકા વિકાસ અધિકારીના બીન ખેતીનો હુકમ ઉપજાવી કાઢેલ અને અનઅધિકૃત સાબીત થતા ત્યારે આ મામલે ૨૦૧૮ થી ૨૦૨૨ એમ કુલ પાંચ વર્ષની શરત ભંગ બદલ દંડની રકમ ૪૨૯૯૫૦ આ જમીનના કબ્જેદાર પાસેથી વસુલ લેવા પાત્ર અને બીનઅધિકૃત બાંધકામ તાકીદે દૂર કરવા માટેનો હુકમ કરવામાં આવ્યો હતો પરંતુ જિલ્લા કલેક્ટરનો હુકમ હોવા છતાંય આ મામલે હજુ સુધી કોઈપણ પ્રકારના બાંધકામો તોડી પાડવાના પગલા લેવાયા નથી અને જમીનમાંથી હજુ કોઈપણ પ્રકારનું બાંધકામ દૂર કરવામાં આવ્યું નથી અને સાથેજ જિલ્લા કલેકટરના હુકમમાં જણાવવામાં આવ્યું છે કે ગ્રામ પંચાયત દ્વારા પણ આ દબાણને તાકીદે દૂર કરવા હુકમ કરાયો છે પરંતુ ગ્રામ પંચાયત પણ હજુ કોના ઓર્ડરની રાહ જુએ છે અને સાથેજ

- ૭૩અઅ ના નિયંત્રનો ભંગ કરાયો.
- બિનખેતીની કાયદેસરતા મામલે રજુઆત કરાઈ હતી.
- ખેતી લાયક જમીનમાં મકાનો પણ બનાવી દેવાયા.
- દાહોદમાં ભુમાફિયાઓનું કારસ્તાન બહાર આવ્યું,નકલીની બોલ બાલા વચ્ચે નકલી TDO નો હુકમ રજુ કરી ખેતી લાયક જમીનને બીન ખેતી તરીકે ઉપજાવી કાઢી,જમીન સરકારી પડતરે લેવા કલેક્ટરનો હુકમ.

દબાણ દૂર કરવામાં જે પણ ખર્ચ આવે તે સામે વાલાઓ પાસેથી વસુલ કરવા માટેનો હુકમ કરાયો છે ત્યારે હવે જેથી જિલ્લા કલેક્ટરની તપાસમાં દેલસર ગામની હદમાં આવેલી હકીમી સોસાયટીની બાજુમાંની જમીન ખેતી લાયક હોય તેને ભુ માફિયાઓએ બીન ખેતીમાં ફેરવી ઘાલવા માટે નકલી TDO ની નોંધ પડાવી અને જમીન બીન ખેતીમાં ઉપજાવી કાઢેલ છે આ સાથે જ જિલ્લા કલેક્ટરે સ્પષ્ટ પણે જણાવ્યું છે કે ૭૩અઅ વાળી જમીનોની વેચાણ પુર્વ પરવાનગી લીધા વગર આ જમીનમાં બીન ખેતીના ખોટા હુકમો સામેલ કરી સમગ્ર કાવતરૂં રચવામાં આવ્યું છે ત્યારે હુકમમાં જણાવાયું છે કે આ જમીનના બીન ખેતીના હુકમો કાયદેસર નથી તથા ડીપી રોડ પરત્વે પણ પ્લોટીંગ થયાનું હકીકતો સામે આવી છે ૭૩અઅ ના ભંગ બદલ જમીન બોજા રહિત ખાલસા કરીને સરકારી પડતરે લેવાનો હુકમ જિલ્લા કલેક્ટર દ્વારા લેવામાં આવ્યો છે પરંતુ હજુ સુધી મામલતદાર કે ગ્રામ પંચાયત આ બન્ને વિભાગો દ્વારા જમીનને ખાલી કરી અને તેમાંથી દબાણો અને બાંધકામ દૂર કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી નથી.

## નકલી કચેરી કૌભાડમાં મુખ્યસુત્રધાર અબુબકર તેનાભાઈએ સીંગવડ તાલુકાના બે વ્યક્તિના નામે બેંક ખાતુ ખોલાવી ૪૫ લાખની લેવડ-દેવડ મામલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

છોટાઉદેપુર નકલી કચેરીનો રેલો દાહોદ જિલ્લામાં આવ્યાં બાદ એક પછી એક સરકારી કર્મચારીઓની અટકાયત કરવામાં આવી રહી છે ત્યારે આ બનાવમાં નવો વળાંક સામે આવ્યો છે જેમાં આ આરોપીઓમાંથી મુખ્ય સુત્રધાર ગણાતો અબુબકર ઝાકીરઅલી સૈયદ થતા તેનો ભાઈ એજાઝહુસેન ઝાકીરઅલી સૈયદનાઓએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સીંગવડ તાલુકાના જાલીયાપાડા ગામે રહેતાં બે વ્યક્તિઓના નામે બેન્કમાં એકાઉન્ટ ખોલાવી ગેરકાયદેસર રીતે બંન્ને બંન્ને એકાઉન્ટોમાંથી કુલ રૂા.૪૫,૦૮,૫૦૨ (પીસતાલીસ લાખ આઠ હજાર પાંચસો બે)ની માતબર રકમ ગેરકાયદેસર રીતે મેળવી સરકારી નાણાંની લેવડ દેવડ કરી બંન્ને વ્યક્તિઓના બેન્ક ખાતાઓનો ખોટો ઉપયોગ કરતાં આ મામલે રણધીકપુર પોલીસ મથકે વ્યક્તિએ ફરિયાદ નોંધાંવતાં પોલીસે આ કોંભાંડમાં વધુ તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

છોટાઉદેપુર નકલી કચેરી કૌભાંડ દાહોદ જિલ્લા પહોંચ્યાં બાદ દાહોદ પ્રાયોજના કચેરીના તત્કાલિન સમયના વહીવટદાર બી.ડી. નિનામા, દાહોદ જિલ્લા પંચાયત નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેર ઈશ્વર કોલચા, અબુબકરનો ભાઈ એજાઝહુસેન ઝાકીરઅલી સૈયદ, તેનો ભાણેજ ર્ડા.સૈફ અલી સૈયદ સહિત ગતરોજ વધુ પાંચ આરોપીઓ જેમાં બી.ડી. નિનામાનો પીએ મયુર પ્રકાશ પરમાર તેમજ તેની સાથેના દાહોદ પ્રાયોજના કચેરીમાં જે તે સમયે કરાર આધારિત કર્મચારીઓ પોખરાજમલ બાબુભાઈ રોઝ, પ્રદીપ ભીમાભાઈ મોરી, ગીરીશ દલાભાઈ પટેલ તેમજ સતીષ અશોકભાઈ પટેલની અટકાયત કરી અત્યાર સુધી આ કૌભાંડમાં પોલીસે કુલ ૧૧ આરોપીઓની એક પછી એક અટકાયત કરી તપાસ તેમજ પુછપરછનો ધમધમાટ આરંભ કરવામાં આવ્યો છે ત્યારે આ કૌભાંડમાં વધુ એક ફરિયાદ નોંધાંતાં દાહોદ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં આ નકલી કચેરી કૌભાંડથી ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે જેમાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સીંગવડ તાલુકાના જાલીયાપાડા ગામે નિચવાસ ફળિયામાં રહેતાં ચંપકભાઈ કાન્તીભાઈ ભુરીયાએ રણધીકપુર પોલીસ મથકે નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, અબુબકર ઝાકીરઅલી સૈયદ તથા તેનો ભાઈ એજાઝહુસેન ઝાકીરઅલી સૈયદે આજથી આશરે એકાદ વર્ષ પહેલા ચંપકભાઈ તથા તેમની સાથેના ભુરીયા મેહુલભાઈ મણીલાલ એમ બંન્ને મોબાઈલ ફોનથી સંપર્ક કરી વડોદરા ઈલોરાપાર્ક ઓફિસે બોલાવ્યાં હતાં તે સમયે ચંપકભાઈ તથા મેહુલભાઈના એમ બંન્ને વ્યક્તિઓને વિશ્વાસમાં લઈ તેઓના આધાર કાર્ડ, પાનકાર્ડ તથા ફોટાઓ લઈ બંન્નેને સુપરવાઈઝર બનાવવાની લાલચ આપી હતી અને તમારા બંન્નેનું બેન્ક એકાઉન્ટ ખોલવુ પડશે, તેમ કહી સરજુમી ગામે આવેલ કોટક બેન્કમાં ચંપકભાઈ તથા મેહુલભાઈના બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવ્યાં હતાં. આ બાદ બંન્ને બેન્ક એકાઉન્ટની પાસબુક, ચેકબુક તથા એટીએમ કાર્ડ તમારા ઘરે આવી જશે, તેમ કહી લાલચ આપી વિશ્વાસમાં લઈ અબુબકર તથા તેના ભાઈ એજાઝહુસેને પાસબુક, ચેકબુક તથા એટીએમ કાર્ડ મેળવી પુર્વ આયોજીત કાવતરા મુજબ છેતરપીંડી કરી ચંપકભાઈ તથા મેહુલભાઈની જાણ બહાર તેઓના ખોલવામાં આવેલ બંન્ને બેન્ક એકાઉન્ટમાંથી રૂા. ૨૩,૪૦,૭૮૧ તથા રૂા.૨૧,૬૭,૭૨૧ એમ કુલ રૂા.૪૫,૦૮,૫૦૨ ના રકમ ગેરકાયદેસર મેળવેલ સરકારી નાણાંની લેવડ દેવડ કરી બેન્ક ખાતાઓનો ખોટો ઉપયોગ કરતાં આ સંબંધે ચંપકભાઈ કાન્તીભાઈ ભુરીયાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા તાલુકાના ૪૫ કરોડના વિવિધ નવીન કામોનું ખાતમુહૂર્ત પંચાયત અને કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને કરાયું

દાહોદ,

રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષ સ્થાને દેવગઢ બારિયા તાલુકા ખાતે ૪૫ કરોડના વિવિધ નવીન કામોનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે એક નવી દિશા આપી હતી કે, જે ખાતમૂહુર્ત અમે કરીએ એના લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. આ વિકાસ સંસ્કૃતિ ગુજરાતમાં સતત ચાલુ રહી છે. જેના પરિણામે આજે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર એમ ડબલ એન્જિનની



સરકારના માધ્યમ દ્વારા અનેકવિધ યોજનાઓ થકી ગુજરાતે જે વણથંભી વિકાસયાત્રા આરંભી છે, તેનાથી ગુજરાત વધુને વધુ સમૃદ્ધ બનશે. તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં ઉમેરતા જણાવ્યું હતું કે, ગુજરાતે આજે વિકાસની હરણફાળ ભરી છે. જિલ્લામાં ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિકાસ કામો શરૂ કર્યા છે. નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે આયોજનબદ્ધ વિકાસની દિશામાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબોને પાયાની સુવિધાઓ પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, આવાસો અને સ્વચ્છતા જેવી અનેક આંતરમાળખાકીય સવલતો ગુજરાતના શહેરો અને ગામડા સુધી પહોંચાડવાની વિશેષ કાળજી લેવાઈ રહી છે.

વધુમાં મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે વર્તમાન સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની ખૂટતી કડી પુર્ણ કરવા માટે રાજ્ય સરકાર હરહંમેશા તત્પર છે એટલુ જ નહી ગામડાઓમાં વિવિધ સુવિધાઓ મળી રહે તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવે છે. જેના લીધે આજે લોકાંક્ષાઓ પરી પુર્ણ કરવામાં આવી રહી છે. જેના ફળદાયી પરીણામો મળી રહ્યા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકાપંચાયતના સભ્યો, સરપંચો, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ મેઘદુત સોસાયટીમાં ચોરીના પ્રયાસમાં ઘર માલિકને મારી લાખોની ચોરી કરી ફરાર

દાહોદ,

દાહોદ શહેરની મેઘદુત સોસાયટીમાં ચોરીના ઈરાદે આવેલ ચાર અજાણ્યા તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી મકાનની બારીના સળીયા તોડી અંદર પ્રવેશ કરતાં તે વેળાએ ઘરમાં ઉંઘી રહેલ ઘર માલિક સહિત પરિવારના સદસ્યો જાગી જતાં ચોરોનો પ્રતિકાર કરતાં ચોરોએ એકને માથાના ભાગે હથોડો મારી લોહીલુહાણ કરી મકાનમાંથી સોનાના દાગીના, રોક્ડા રૂપીયા, લેપટોપ, મોબાઈલ ફોન વિગેરે મળી લાખ્ખોની ચોરી કરી નાસી જતાં પંથકમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. ચોરોએ આ વેળાએ સોસાયટીના અન્ય મકાનોને બહારથી સ્ટોપર મારી નાસી ગયાં હતાં ત્યારે ઘટનાને પગલે મોડી રાત્રીએ પોલીસ કાફલો સોસાયટી તરફ દોડી જઈ તસ્કરોને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

દાહોદમાં એક ચકરી બનાવ સામે આવ્યું છે જેમાં ગતરોજ મધ રાત્રે સાત જેટલા તસ્કરો દાહોદ શહેરના ચાકલીયા રોડ સ્થિત મેઘદૂત સોસાયટીમાં ચોરીના ઈરાદે પ્રાતક્યા હતા. જેમાં ચાર જેટલા તસ્કરોએ એક મકાનની બારીના બહારથી સળીયા કાપી મકાનમાં પ્રવેશ કર્યો હતો અને ચોરીની ઘટનાને અંજાર આપે તે પહેલા મકાનમાં સૂઈ રહેલા સંકેત શાહ નામક વ્યક્તિ જાગી જતા અને તસ્કરોનો પ્રતિકાર કરતાં તસ્કરોએ સંકેત શાહના માથામાં હથોડા વડે હુમલો કરતા બુમાબૂમ થઈ હતી. આ દરમિયાન ચારે તસ્કરો સંકેત શાહના બેડરૂમમાંથી લેપટોપ બે મોબાઈલ ફોન, રોક્ડ સિલક, તેમજ સોનાની ચેન લઈને ફરાર થઈ ગયા હતા. તસ્કરોના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા સંકેત શાહને તાબડતોડ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં થઈ જવા પામી હતી. જોકે આ ઘટનાની દાહોદ પોલીસને કરાતા એએસપી વિશાખા જૈન તેમજ સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ નો ધમધમાટ આરામ કર્યો છે. અત્રે ઉલ્લેખની છે કે ચોરી કરવા આવેલા કસરો હોય સોસાયટીના અન્ય મકાનોને બહારથી બંધ કરી દીધા હતા. જોકે આ વિસ્તારમાં ટૂંકાગાળામાં ચોરીની ત્રીજી ઘટના બની હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. હાલ આ બનાવમાં બીજા ગ્રસ્ત બનેલા સંકેત સા હાલ સ્વસ્થ છે. આ સમગ્ર ઘટનાને લઈ દાહોદ પોલીસ દ્વારા તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ભર શિયાળે ચોરોએ ચોરીને અંજામ આપતાં સોસાયટી સહિત દાહોદ શહેરમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. તસ્કરોને તાત્કાલિક ઝડપી પાડવા માટે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ઈન્દોર-અમદાવાદ હાઈવે મુવાલીયા પાસે ટેન્કર પલ્ટી જતાં ચકચાર

દાહોદ,

દાહોદ શહેરમાંથી પસાર થતાં ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે પર મુવાલીયા ક્રોસિંગ પાસે એક ગેસ ભરેલ ટેન્કર અકસ્માતે પલ્ટી ખાઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો હતો. સદ્નસીબેન આ ઘટનામાં કોઈ જાનહાની ન થતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

દાહોદ તાલુકાના મુવાલીયા ક્રોસિંગ ખાતે અમદાવાદ-ઈન્દૌર નેશનલ હાઈવેલ પર ગતરોજ એક ગેસ ભરેલ ટેન્કર પલ્ટી ખાઈ ગયું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. જાણવા મળ્યાં અનુસાર દહેજથી ઈન્દૌર ગેલ લઈને ટેન્કર પસાર થઈ રહ્યું હતું ત્યારે ડમ્ફરને બચાવવા જતાં ટેન્કરના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં આ માર્ગ અકસ્માત સર્જાયો હતો. ટેન્કર રોડની સાઈડમાં પલ્ટી ખાઈ ગયું હતું. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો ત્યારે રોડ વિભાગના કર્મચારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. સદ્નસીબે આ માર્ગ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી ત્યારે સમગ્ર મામલે પોલીસે કાયજેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ધારાસભ્યએ સાદગી થી જન્મ દિવસની ઉજવણી કરી



દાહોદ,

દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીનો આજે જન્મ દિવસ હોય ધારાસભ્ય દ્વારા વૃધ્ધા, ગંગાસ્વરૂપ, અંધ બાળકો, શાળાના બાળકો સાથે સાથે મંદિરમાં પુજા, અર્ચના, ગૌશાળામાં ગાયોની સેવા કરી પોતાનો જન્મ દિવસ સાદગી પુર્વક ઉજવ્યો હતો. ધારાસભ્ય બન્યા બાદ ધારાસભ્યનો બીજો જન્મ છેત્યારે આજે તેમના જન્મ દિવસે તેમના શુભેચ્છકોએ શુભેચ્છાઓની વર્ષા કરી હતી.

દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પોતાના જન્મ દિવસે સવારે કેદારનાથ મહાદેવ મંદિરે પુજા, અર્ચનાથી શરૂઆત કરવામાં આવી હતી ત્યાર બાદ ભાઠીવાડામાં સુપોષિત કીટ આપવામાં આવી હતી. ગંગા સ્વરૂપ બહેનોને સાડી ભેટ આપવામાં આવી હતી. દાહોદ બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલમાં બાળકોને ભોજન કરાવ્યું હતું. દાહોદની સુરભી ગૌશાળામાં ગાયોને ઘાસ, ગોળ, રોટલી ખવડાવી સેવા કરી હતી. રામાનંદ પાર્કમાં સંત સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ જેટલા સંતોને સાલ, ખેંસ અને ભેટ અર્પણ કરી ભોજન કરાવવામાં આવ્યું હતું જેમાં શાસ્ત્રીજી નલીનજી ભટ્ટ દ્વારા કાસ આર્શિવાદ આપવા માટે ઉપસ્થિત રહ્યાં હતાં. સાજે વૃદ્ધાશ્રમમાં આશ્રિતોની મુલાકાતે ધારાસભ્ય પહોંચ્યાં હતાં જ્યાં આશ્રિતોને ભેટ, સોગાદ અર્પણ કરી તેમને કોઈ તકલીફ પડતી હોય અથવા અન્ય મુશ્કેલી પડતી હોય તે બાબતે વાતચીત કરવામાં આવી હતી. સાંજે અંધજન મંડળ, છાપરીની અંધ શાળામાં બાળકોને ભોજન કરાવી તેમજ સાંજે ઠક્કર ફળિયા રામજી મંદિરમાં આરતીમાં ભાગ લીધો અને સાંજે ઝાયડસ હોસ્પિટલમાં સંતકૃપા મંડળ સાથે રામ રોટી ભોજનમાં સહયોગ કરી ધન્યતા અનુભવી હતી. આમ, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પોતાનો જન્મ દિવસ સાદગી પુર્કવ, આધ્યાત્મિક રીતે ઉજવ્યો હતો.

## ઝાલોદના દાતગઢ ગામની છોકરીને બાઈક ઉપર બેસાડી શારીરિક અડપલા કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના દાતગઢ ગામના યુવકે પોતાના ગામન છોકરીને ઘરે જવા માટે પોતાની મોટર સાયકલ પર બેસાડી રસ્તામાં તેના ગામની નદીના પુલથી આગળ આવવરૂ જગ્યાએ લઈ જઈ તે છોકરી સાથે શારીરીક અડપલા કરી છેડ્તી કરતા તે છોકરીએ બુમાબુમ કરી મૂકતાં આજુબાજુના માણસો દોડી આવતાં તે યુવક પોતાની મોટર સાયકલ લઈ નાસી ગયાનું જાણવા મળ્યું છે. ઝાલોદ તાલુકાના દાતગઢ ગામની એક છોકરી ગત તા.૧૩-૧૨-૨૦૨૩ના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે પગપાળા પોતાના ઘરે જતી હતી. તે વખતે તેના જ ગામનો એક યુવક મોટર સાયકલ લઈને ત્યાં આવ્યો હતો અને તે છોકરીને હું ઘરે જાઉ છું તારે ઘરે આવવું છે તો તને પણ સાથે ઘરે લેતો જાઉ તેમ કહી તે છોકરીને પોતાની મોટર સાયકલ પર બેસાડી લાવી દાતગઢ ગામે જંગલ બાજુની અવાવરૂ જગ્યાએ લઈ જઈ તે છોકરી સાથે શારીરીક અડપલા કરી છેડતી કરતાં છોકરીએ એકદમ ગભરાઈ ગઈ હતી અને તેણીએ બુમાબુમ કરી મૂકતાં તે છોકરીની બુમાબુમ સાંભળી આજુબાજુના લોકો દોડી આવતાં તે લંપટ યુવક પોતાની મોટર સાયકલ લઈ નાસી ગયો હતો. આ સંબંધે છેડતીનો ભોગ બનેલ પીડીતાએ ચાકલીયા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે દાતગઢ ગામના યુવક વિરૂધ્ધ છેડતીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના પાંચવાડા ખાતે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંચવાડા ખાતે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર વાહન ચાલકોની ફૂલ ઝડપ અને બેદરકારીનાં લીધે અવારનવાર અકસ્માતો સર્જવાની ઘટનાઓ બનતી હોય છે જેમાં ગત રાત્રે વધુ એક અકસ્માત સર્જાયો હતો મળતી વિગતો અનુસાર ગરબાડાના પાંચવાડા નજીક અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર બે ઈસમો પૈકી એક ઈસમનું મોત નીપજ્યું અકસ્માતની વાત કરીયેતો ગરબાડાના પાંચવાડા ગામ ખાતે વાસિયા ડુંગળીના ૨૦ વર્ષે જીગરભાઈ ભુરીયા અને ૩૬ વર્ષીય હિતેશભાઈ બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર બંને વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા અકસ્માત કરીને અજાણ્યો વાહન ચાલક ફરાર થયો હતો અકસ્માતમાં ઈજાગ્રસ્ત બંને લોકોને ૧૦૮ની મદદ થી સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં વાસિયા ડુંગરી ગામના ૩૬ વર્ષીય હિતેશભાઈનું મોત નીપજ્યું હતું અકસ્માતની જાણ ગરબાડા પોલીસને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## બિરસા મુંડા ભવન, દાહોદ ખાતેથી આદિવાસી ભીલ સમુદાય લગ્ન બંધારણ પ્રચાર રથનું પ્રસ્થાન થયું



દાહોદ,

બિરસા મુંડા ભવન દાહોદ ખાતેથી આદિવાસી ભીલ સમુદાય લગ્ન બંધારણ પ્રચાર રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટના મંત્રીશ્રી સી.આર. સંગાડા, ઉપપ્રમુખ ડો. અનીલભાઈ બારીયા, કન્વિનર શ્રી એફ.બી.વહોનિયા, અગ્રણીઓ શ્રી બી.કે. પરમાર, શ્રીમતિ લતાબેન વહોનીયા, શ્રી રાજુભાઈ વસૈયા, સૂચિત ભીલ સમાજ પંચના હોદ્દેદારો, મેનેજમેન્ટ સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી, શ્રીફળ વધેરીને મહાનુભાવોએ હાથોમાં લીલી ઝંડી ફરકાવીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. રથના સારથી તરીકે શ્રી પ્રવીણભાઈ પારગી અને ટીમ જવાબદારી સંભાળશે. એક મહિના સુધી આ પ્રચાર રથ દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ગામે ગામ ફરશે અને લગ્ન બંધારણ પુસ્તિકાનું વિતરણ કરશે. દેવું કર્યા વગર લગ્ન કરવા માટે લોકોને જાગૃત કરશે. બિન જરૂરી ખર્ચા અને પ્રસંગો ટાળવા માટે લોકોને સમજાવશે. સમૂહ લગ્નમાં જોડાવા માટે આહવાન કરશે. ઉપસ્થિત સૌએ પ્રચાર રથની પ્રસ્થાન વેળાએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગરબાડા પાટીયા ગામે બંધ મકાનમાંથી ૩૪ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા પોલીસે પાટીયા ગામે બારી ફળિયામાં એક બંધ મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂા. ૩૪ હજાર ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપી પાડી બુટલેગર અટક કર્યાનું જાણવા મળ્યું છે.

ગરબાડા ગામના પાટીયા ગામના સીમાડા ફળિયામાં રહેતા નવાભાઈ મલાભાઈ ભુરીયાએ તેના ગામના વરીયાભાઈ વાલાભાઈ ભુરીયા પાસેથી દારૂનો જથ્થો મંગાવી તેના કુટુંબીના બંધ મકાનમાં મૂકી રાખેલ હોવાની બાતમી ગરબાડા પોલીસને મળી હતી જે બાતમીના આધારે ગરબાડા પોલીસે બાતમીવાળી જગ્યાએ આવેલ બંધ મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી મકાનમાંથી રૂા. ૩૪,૨૦૦ની કુલ કિંમતની વિદેશી દારૂ-બીયરની કુલ બોટલ નંગ-૨૩૪ પકડી પાડી કબજે લઈ પાટીયા ગામના સીમાડા ફળિયાનાં ૫૦ વર્ષીય નવાભાઈ મલાભાઈ ભુરીયાની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.98

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લામાં RBSK યોજના અંતર્ગત ઉઠેલા વાન કૌભાંડના ધુમાડા !!!





- જીલ્લાભરમાં કાર્યરત ૨૧ વાહનો પૈકી મોટેભાગે ભંગારગ્રસ્ત વાહનો.
- ટેન્ડરના શરતોનું સરેઆમ ઉલંઘન કરતી કોન્ટ્રાકટ એજન્સી.
- ટેકસી પાર્સીંગ, ફિટનેસ સર્ટીફિકેટ, સીએનજી પાર્સીંગ, ઈન્સ્યોરન્સ અને અગ્નિશામક સાધન જેવી ફરજીયાત રાખવાની જોગવાઈઓની ઐસી તૈસી કરતી એજન્સી.
- ૮૦ ઉપરાંત આરોગ્ય સ્ટાફ તથા બાળદર્દીઓ જાનના જોખમે મુસાફરી કરી રહ્યા છે.
- ખાનગી વાહન ચાલકો સામે નીતિનિયમોનો ભંગ હોય તો દંડનીય રકમ વસુલવામાં આવે છે તો આવા વાહનો સામે અનદેખી.
- કોઈ દુર્ઘટના ઘટે તો જવાબદારી કોણી ?
- કેટલીક જગ્યાએ વાહનોનો દુરઉપયોગ થતો હોવાની ફરિયાદો વચ્ચે આકસ્મિક તપાસ સક્ષમ અધિકારીઓ કરશે કે કેમ ?

ગોધરા,
મહિસાગર જીલ્લામાં આરોગ્ય શાખા અંતર્ગત આર.બી.એસ.કે. યોજના અંતર્ગત ચાલતા ૨૧ જેટલા વાહનો ટેકસી પાર્સીંગ, ફિટનેસ સર્ટીફિકેટ, સીએનજી પાર્સીંગ, ઈન્સ્યોરન્સ અને અગ્નિશામક સાધન જેવી ફરજીયાત રાખવાની જોગવાઈઓ અને જે ટેન્ડરના નીતિનિયમોનો ભંગ કરીને વિવાદાસ્પદ કોન્ટ્રાકટ એજન્સી દ્વારા અધિકારીઓ સાથે મીલીભગતથી સરકારી નાણાંનો દુરઉપયોગ કરીને કૌભાંડ આચરાયા હોવાની ઉઠેલા ધુમાડા વચ્ચે મસમોટી રકમ ભાડા પેટે ચુકવણા અંગે જીલ્લા તંત્ર મૌન સેવીને બેસતા પ્રજામાં અનેક શંકાકુશંકાઓ વ્યાપી છે. જોકે, કેટલાક સ્થળોએ સાચા અર્થમાં ઉપયોગ થાય છે. તે પણ આ ગેરરીતિ સંદર્ભે તપાસ થાય તો હકીકત બહાર આવે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

કેન્દ્ર સરકારની અનેક મહત્વકાંક્ષી અને ઉપયોગી પૈકીની આર.બી.એસ.કે.(રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોને વખતોવખત ઉદ્ભવતી બિમારી અને સારવાર તથા સંદર્ભ સારવાર અંગે ઘરે થી હોસ્પિટલ સુધી સલામત અને સમયસર પહોંચાડવા માટે વાન સર્વિસ વાહન મફત ઉપ્લબ્ધ કરાવવામાં આવે છે. ત્યારે શુભહેતુથી મહિસાગર જીલ્લામાં યોજના અંતર્ગત ૨૧ જેટલા વાહનો કાર્યરત છે. જેમાં ૨- તબીબ, ૨- ફાર્માસીસ, ૨- એફ.એસ.ડબલ્યુ મળીને કુલ ૮૦ ઉપરાંત આરોગ્ય સ્ટાફ વાન સાથે બાળ દર્દીઓને બેસાડીને સારવાર અર્થે ખસેડવામાં અથવા સારવાર બાદ ઘરે મુકવા જતો હોય છે. ગત વર્ષે જ ટેન્ડરમાં કોઈપણ પ્રકારની સ્પષ્ટતા ન હોવાને કારણે સ્થાનિક તંત્રના અધિકારીઓની મીલીભગતથી ગેરરીતિ આચરવાનું મોકળું મેદાન મળ્યાની ગંભીર રજુઆતો ઉઠતા આખરે ટેન્ડર રદ કરીને માત્ર એકાદ માસની અંદર પૂનઃ સરકારની સુચના અનુસાર જોગવાઈઓ અને શરતો ઉમેરીને બહાર પાડવામાં આવતા બાલાજી કોન્ટ્રાકટ એજન્સીને ટેન્ડર પ્રાપ્ત થયું હતું. પરંતુ આ એજન્સીને કોઈ પૂછનાર નથી, કોઈ જોનાર નથી, કોઈ ક્રોસ વેરીફિકેશન સક્ષમ અધિકારી નથી. જેવી તુમાખી રાખીને ખુલેઆમ નીતિનિયમોનો અમલ કરવાના બદલે ઉલંઘન કરવામાં આવી રહ્યાની બુમો ઉઠવા પામી છે. મળેલી જાણકારી અનુસાર આ જીલ્લામાં વિવિધ વિસ્તારોમાં કાર્યરત વાહનો ઈકો છે. પરંતુ આ તમામ વાહનોમાં સંપૂર્ણપણે ટેન્ડરની શરતોનું પાલન કરવામાં આવતું નથી. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આર.બી.એસ.કે.વાહનોનું ટેન્ડરીંગ મેળવનાર બાલાજી કોન્ટ્રાકટ એજન્સી ખુલેઆમ નિયમોનો ભંગ કરી રહ્યા છે. જેમાં પ્રથમ દ્રષ્ટિએ મોટાભાગના વાહનો ખખડધજ હાલતમાં જોવા મળે છે. અને વાહનો ઉપર સરકારની યોજનાનું બ્રાન્ડીંગ દર્શાવતી જાહેરાતપણ ચોંટાડેલ જોવા મળતું નથી. જ્યારે આ ૨૧ વાહનોની ઉંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો અને મળેલી ગેરરીતિના સજજડ પુરાવા આધારે રજુઆત કર્તાઓ જણાવી રહ્યા છે કે,૭,૫૦,૦૦૦ કિલો મીટર પૂર્ણ કરી ચુકેલા બિસ્માર અને કટાઈ ગયેલા ભંગાર ગ્રસ્ત વાહનો દોડાવાઈ રહ્યા છે. ટેકસી પાર્સીંગ મેળવેલ નથી, સીએનજી કીટ ગોઠવેલી છે પરંતુ પાર્સીંગ મેળવાયેલ નથી, જીપીએસ સીસ્ટમ ગોઠવાયેલ નથી, ફિટનેસ સર્ટીફિકેટ પણ મેળવેલ નથી, સરકાર દ્વારા નકકી કરાયેલ ટેન્ડરમાં મુકાયેલ શરતોને ઘોળીને પી જનાર એજન્સીઓએ માત્ર વાહનો દેખાડવા ખાતર અને મુકવા ખાતર મુકયા હોય તેવું ફલિત થાય છે. આ નિયમોના ભંગ બદલ અવારનવાર રજુઆત કરવા છતાં આરોગ્ય તંત્રના સક્ષમ અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. અને સબ સલામત હોવાનું જણાવીને હાથ ઉપર હાથ દઈ બેસી રહ્યા છે. ખાસ કરીને આવા ખખડધજ અને ભંગારગ્રસ્ત વાહનોમાં ૦ થી ૧૮ વર્ષના બાળ દર્દીઓને જાનના જોખમે કોન્ટ્રાકટ એજન્સી હેરાફેરી કરી રહી છે. ગ્રામ્ય વિસ્તારો માંથી તાલુકા કે જીલ્લાકક્ષાએ બાદ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા સુધી હોસ્પિટલમાં ખસેડવા માટે આવી જ ભંગારગ્રસ્ત વાહનોનો બેરોકટોક ઉપયોગ થઈ રહ્યો છે. બીજી તરફ કેટલાક વાહનો ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી મુસાફરો બેસાડીને હેરાફેરી કરતા હોય છે. અથવા તો સવારે હાજરી પુરાયા બાદ ખાનગી મુસાફરીમાં વાહનો દોડતા હોય છે. અને આ સરકારી સેવામાં કોન્ટ્રાકટમાં મુકાયેલ વાહનો સામે હાજરી બદલ બારોબાર ગેરરીતિ પૂર્વક નાણાં ચુકવવામાં આવી રહ્યા પણ કેટલાક મુસાફરો જણાવી રહ્યા છે. વખતોવખત ટેન્ડર પ્રમાણે તમામ વાહનો ઉપ્લબ્ધ કરાવાયા છે. અને સરકારના આર.ટી.ઓ. તંત્ર મુજબ પુરતા દસ્તાવેજ ઉપ્લબ્ધ છે કે કેમ તેની તપાસ કરવાની હોય છે. પરંતુ જ જવાબદાર અધિકારીઓની જ જાણે સંડોવણી હોય તેમ કોઈપણ પ્રકારના પગલાં ભરવામાં આવ્યા નથી. જોકે, રજુઆત બાદ પણ તપાસની તજવીજ માટે મગનું નામ મરી નહીં પાડતા અને જો સંભવિત કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ? તેવી ચિંતાઓ વચ્ચે વાનમાં સારવાર આપતા ૪ આરોગ્ય સ્ટાફ, બાળ દર્દીઓ અને માતા-પિતાઓમાં જાનના જોખમે મુસાફરી થઈ રહી હોવાની દહેશત વ્યાપી છે.

## નિયમોનું ઐસી તૈસી હોવા છતાં ભાડા પેટે મસમોટી રકમ એજન્સીને પધરાવાઈ....???

જાણવા મળ્યા અનુસાર આરોગ્ય તંત્રમાં પ્રસિદ્ધ થયેલા ટેન્ડર મંજુર થયા બાદ ખાનગી બાલાજી એજન્સીને તમામ તાલુકાના વાહનોના કોન્ટ્રાકટ આપેલ છે. પરંતુ તમામ બાબતોનું ઉલંઘન કરવામાં આવી રહ્યાનું ખુલેઆમ ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને ખખડધજ હાલતમાં મુકેલા વાહનો હોવાની જાણ સક્ષમ અધિકારીઓને જાણ હોવા છતાં અધિક નિયામકના આદેશનું પાલન નહી કરીને જી.પી.એસ. અને બ્રાન્ડીંગ વગરના વાહનો પેટે મસમોટી રકમ ચુકવીને નાણાંકીય દુરઉપયોગ થવા પાછળ આવા દોષિત અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની જાગૃત નાગરિકોમાં માંગ ઉઠી છે.

# પંચમહાલ જિલ્લામાં અધિકારીઓની જાસુસીકાંડમાં કાલોલ પોલીસે ૧૮ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ખનીજ માફીયાઓ દ્વારા અધિકારીઓની વાહનોના લોકેશન ટ્રેસ કરી કરાવી જાસૂસી કાંડમાં અધિકારીઓ દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતા પોલીસ દ્વારા ૧૮ ઈસમોના સમૂહ વિરૂદ્ધ ફરિયાદ નોંધણી કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ જિલ્લા પુરવઠા અધિકારી અને ઈન્ચાર્જ હાલોલ પ્રાંત, ગોધરા પ્રાંત અધિકારી, કાલોલ મામલતદાર સહિતના અધિકારીઓના વાહનો કચેરી બહાર નીકળતાની સાથે જ વાહનોના લોકેશન ટ્રેસ કરવામાં આવતા હતા અને અધિકારીઓના વાહનો જે વિસ્તારમાંથી પસાર થતા હોય તેનું ખરીદ માફિયાઓ દ્વારા રેડ થી બચવા માટે જાસુસી કરાતી હતી અને અધિકારીઓના વાહનોનું લોકેશન મોબાઈલ ફોનમાં whatsapp એપ દ્વારા ખનીજ માફીશાઓના ગ્રુપમાં જોડાયેલા ઈસમોને ઓડિયો મેસેજ થી લોકેશન એકબીજા સુધી મોકલવામાં આવતું હોય આ કઠિત જાસુસી કાંડ સામે આવતા અધિકારીઓની સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઉઠવા પામ્યો હતો. અધિકારીઓના વાહનોની લાઈવ લોકેશન ટ્રેસ કરવાના કિસ્સામાં પાંચમો અને પોલીસ દ્વારા અગાઉ ઝડપી પાડવામાં આવ્યા હતા અને ખરીદ માફીયાઓ દ્વારા અધિકારીઓની જાસૂસી કાંડ બાબતે પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવા પામી હતી. અને પોલીસે તપાસ હાથ ધરી હતી અને અધિકારીઓની જાસૂસી કાંડમાં સંડોવાયેલા ઈસમોમાં નારણભાઈ બાબુભાઈ વણઝારા રહે.ગોળીબાર તા.કાલોલ જી.પંચમહાલ (૨) બદના અરબાઝ મો.નં. ૮૭૮૦૨ ૨૬૪૫૪ (૩) કમલેશ ગોધરા મો.નં. ૯૯૭૮૯ ૭૨૮૧૮ (૪) નાનજી વણઝારા મો.નં ૯૭૧૨૯ ૭૦૮૫૬ (૫) ગમારા લાલાભાઈ મો.નં. ૯૮૯૮૧ ૧૯૮૦૮ (૬) ઈમરાન મવલી મો.નં. ૯૮૯૮૨ ૦૨૬૧૦ (૭) સાગર મો.નં. ૬૩૫૩૨ ૦૨૮૪૨ (૮) મો.નં. ૯૧૦૬૨ ૧૭૫૮૧ મોબાઈલ નંબર ધારક (૯) ભુરા મો.નં. ૯૬૮૭૮ ૨૨૧૨૫ (૧૦) માઝબાબા મો.નં. ૯૪૨૭૩ ૮૫૨૦૪ (૧૧) મંદન ગૃપ મો.નં. ૯૮૨૫૨ ૩૮૦૩૮ (૧૨) નાસીરખાન મો.ન. ૭૬૦૦૫ ૭૧૭૬૪ (૧૩) બેલીમ મો.નં. ૯૭૨૭૭ ૪૫૫૪૩ (૧૪) હાજી ઉંમર મો.નં. ૭૯૯૦૬ ૨૨૩૯૧ (૧૫) સીજુભાઈ ગોધરા મો.નં. ૭૮૭૪૦ ૧૧૫૧૨ (૧૬) ઈમરાન ખડખડ મો.નં. ૯૮૭૯૯ ૬૪૧૦૯ (૧૭) લુકમાન મો.ન. ૯૭૧૨૩ ૦૬૪૫૪ (૧૮) મનોજ વણઝારા સામે કાલોલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન તથા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




ગોધરા,
પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને ગોધરા કલેકટર કચેરી, સભાખંડ ખાતે જિલ્લા સંકલન સમિતિ સહિત જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરએ સૌને આવકારીને બેઠકની કાર્યવાહી શરૂ કરી હતી.

આ બેઠકમાં ધારાસભ્યઓની ઉપસ્થિતિમાં રોડ, જમીન, ભૂ માફિયાઓ સામે એક્શન લેવા, પાણી, પુરવઠા, સિંચાઈ, વીજળી વગેરેને લગતા વિવિધ પડતર પ્રશ્નો અને તેના નિરાકરણ તથા અમલીકરણ બાબતે ચર્ચા કરાઈ હતી. જેમાં મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ આવતા તેનો નિકાલ કરાયો હતો. બેઠકમાં જિલ્લા કલેકટરએ અસામાજીક તત્ત્વો તથા ભૂ માફીયાઓ વિરૂદ્ધ કાયદેસર કડક કાર્યવાહી કરવા સબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ સાથે જિલ્લામાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સમયમર્યાદામાં લાભ મળે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ બાબતે જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા દ્વારા વિવિધ સૂચનો કરાયા હતા. જેમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ અંતર્ગત ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પી.એમ.જી. કે.એ. વાય) ના અમલીકરણ બાબતોની ચર્ચા, નવીન વ્યાજબી ભાવની દુકાન ખોલવા બાબત, બ્રાંચ રાત અંગે, વ્યાજબી ભાવોની દુકાનોની તપાસણી, ઉજ્જવલા યોજના અંતર્ગત કામગીરી બાબતે ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રેણુંકાબેન ડાયરા, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, નાયબ વન સંરક્ષક મીના સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રશિક્ષણ વર્ગ : ગોધરામાં વડોદરા મહાનગર તથા પાલિકાના સભ્યોનો પ્રશિક્ષણ વર્ગ




ગોધરા,
ગોધરા ભાજપ કાર્યાલય ખાતે નગરપાલિકા અને મહાનગર પાલિકાના સભ્યોનો પ્રશિક્ષણ વર્ગ યોજ્યો હતો. જેમા પંચમહાલ, દાહોદ, વડોદરાની વિવિધ ૬ પાલિકાઓ અને વડોદરા મહાનગરપાલિકાના સભ્યો માટે ભાજપ દ્વારા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કર્યું હતું. જેમાં ૪ સત્રો મુજબ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ સાફલ્ય ગાથાઓ રજુ કરાઈ હતી.

જેમાં સરકારની વિવિધ કામગીરીઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બીજા સત્ર દરમિયાન ભાજપનો ઈતિહાસ, વિકાસ, વિચારધારાઓ વિશે માહિતી, ત્રીજા સત્રમાં આદર્શ જનપ્રતિનિધિ કેવી રીતે બની શકાય, લોકો સાથે કેવી વર્તવું જોઈએ તે અંગે માહિતી, જ્યારે ચોથા સત્રમાં સરકારની જનકલ્યાણકારી યોજનાઓ વિશે ઉપસ્થિત પાલિકા સભ્યો અને મ્યુનિસિપલ કોર્પોરેશન સભ્યોને માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં કેબિનેટ શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોર પણ પ્રશિક્ષણ આપવા ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ જિલ્લામાં ૬ સરકારી સસ્તા અનાજની દુકાનોના પરવાના રદ્દ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના હાલોલ, ગોધરા(ગ્રામ્ય), કાલોલ અને ઘોઘંબા તાલુકામાં આવેલી સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપર પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા કેટલાક દિવસો અગાઉ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. અને જે ચેકિંગમાં દુકાનદારો દ્વારા આચરવામાં આવેલી ગેરરિતી ઝડપાઈ હતી. આ ચેકિંગમાં જિલ્લાના વિવિધ તાલુકામાં આવેલી સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપર અનાજના કટ્ટાઓ પરવાનેદારો દ્વારા અનઅધિકૃત રીતે સંગ્રહ કરેલા મળી આવ્યા હતા. જે મામલે જિલ્લા પુરવઠા અધિકારીએ આગળની વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પંચમહાલ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં આવેલી સસ્તા અનાજની દુકાનો ખાતે પરવાનેદારો દ્વારા સંગ્રહિત અનાજના જથ્થા કરતા વધુ અનાજનો જથ્થો સંગ્રહિત કરતા હોવાની રજુઆત અને જાણ પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણાને થતાં જિલ્લા પુરવઠા અધિકારીએ જાતે સ્થળ પર જઈ તલસ્પર્શી તપાસ હાથ ધરી હતી. જેના અનુસંધાનમાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલી વધુ છ દુકાનના પરવાના કાયમી રદ્દ કર્યા હતા. જયારે ગોધરા શહેરની એક દુકાનનો પરવાનો મોકુફ કરવાનો હુકમ કર્યો હતો.

# ગોધરા સિવિલ હોસ્પિટલના તબીબ ઉપર સામાન્ય બાબતે હુમલો કરતાં ફરિયાદ



ગોધરા,
ગોધરા શહેરમાં સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ ઉપર નજીવી બાબતે હિચકારો હુમલો કરવામાં આવતા તબીબના મોઢાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા ચાર જેટલા ટાંકા આવ્યા હતા. જ્યારે સમગ્ર બનાવને લઈને હુમલો કરનાર ઈસમની અટકાયત કરી ગોધરા એ ડિવિઝન પોલીસ મથકમાં મોકલી આપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સમગ્ર બનાવને લઈને ગોધરા શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં દર્દી સાથે આવેલા ઈસમે તબીબ ઉપર હુમલો કર્યો હતો. જેમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં દર્દી સાથે આવેલા ઈસમે નજીવી બાબતે હુમલો કર્યો હતો. જેમાં તબીબે દર્દી સાથે આવેલા ઈસમને ટકોર કરી હતી કે, જાહેરમાં થુંકવું નહીં ત્યારે આવેશમાં આવેલા ઈસમે તબીબ ઉપર હિચકારો હુમલો કરતા મોઢાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા ચાર જેટલા ટાંકા આવ્યા હતા.

જયારે સમગ્ર બનાવને લઈને હુમલો કરનાર ઈસમને ગોધરા એ ડિવિઝન પોલીસ મથકમાં મોકલી આપવામાં આવે છે અને સમગ્ર બનાવને લઈને એ ડિવિઝન પોલીસે હુમલો કરનાર ઈસમની અટકાયત.

# કાલોલ મામલતદારે મલાવરોડ ઉપર રોયલ્ટી વગર ભરી જતી ટ્રકને ઝડપી



કાલોલ,
કાલોલ ની ગોમા નદીમાંથી ખુલ્લેઆમ ઠેક ઠેકાણે ખનન માફીયા દ્વારા રેતી અને માટીનું ખનન અને વહન કરવામાં આવી રહ્યું છે જે ખનીજ ચોરીની મળેલ ફરિયાદ સબબ કાલોલ તાલુકાના મલાવ રોડ ઉપર નજીક આવેલ ગોમા નદીના પટમાંથી ગેરકાયદે રેતી વહન કરી આવતી ટ્રકને ઝડપી ભૂમાફિયાઓ વિરોધ મોડી સાંજે તાલુકા પ્રશાસને નક્કર કાર્યવાહી કરી ગેરકાનૂની પ્રવૃત્તિ સામે કાલોલ મામલતદાર વાય.જે. પુવાર અને સર્કલ મામલતદાર દ્વારા રેતી ભરીને લઈ જવાતી એક ટ્રકને ઝડપીને સરકારી તિજોરીને ફટકો મારતા ખનીજ માફિયાઓ વિરોધ નક્કર કામગીરી કરી ટ્રકને કબજે કરી ગેરકાનૂની પ્રવૃત્તિ સામે લાલ આંખ કરતા ગેરકાયદે રીતે ખનન અને વહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર કાલોલ મામલતદાર સાથે સર્કલ મામલતદાર વેજલપુર દ્વારા મોડી સાંજના છ વાગ્યાના સુમારે મલાવ રોડ ઉપર ગોમા નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતી ખનન કરી ભરીને આવતી એક ટ્રક જીજે-૧૬-વી-૬૭૪૪ નંબર ના ચાલક ને પકડી તેની પાસે રોયલ્ટી બાબતે પુછપરછ કરતા તેની પાસે રેતી ખનન વહન કરવા બાબતનો કોઈ પાસ પરમીટ ન હોઈ કાલોલ મામલતદાર દ્વારા ટ્રકને કાલોલ મામલતદાર કચેરી ખાતે મુકાવી ખાણ ખનીજ વિભાગ ને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલના અડાદરા ગામે રેતી ખનન કરતા ચાર ટ્રેકટરો ખનીજ વિભાગે ઝડપ્યા

કાલોલ,
કાલોલ તાલુકા વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગની બેફામપણે ચાલી રહેલી ખનીજ ચોરીને રોકવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરાતા અડાદરા પંથકમાં રેતી ખનન કરીને વહન કરી જતાં ચાર ટ્રેકટરોને ઝડપી લેવાયા હતા.

ગોમા અને કરાડ નદીમાં બેફામપણે રેતી ખનન કરતા રેતી ચોરોને ડામવા માટે ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા અવાર નવાર પેટ્રોલિંગ હાથ ધરાય છે. પરંતુ જાસુસી કાંડ જેવા કારસ્તાનને કારણે જે વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા છાપો મારવામાં આવે તે પહેલા રેતી ચોરો પલાયન થઈ જતા હોય છે. દરમિયાન ખાણ ખનીજ વિભાગની ટીમે અડાદરા સ્થિત ગોમા નદીના પંથકમાં છાપો મારતા ગોમા નદીમાંથી પાસ પરમીટ વિના ગેરકાયદે રીતે ખનન કરીને લઈ જતા ચાર ટ્રેકટરોને ઝડપી પાડીને ચારેય ટ્રેકટરો સહિત ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ટ્રેકટર માલિકો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# ગોધરા ભાટિયા સોસાયટીમાં ૩૪ વર્ષીય મહિલાએ અગમ્ય કારણે ફાંસો ખાઈ આપઘાત કર્યો



ગોધરા,
ગોધરા શહેરના માર્કેટિંગ યાર્ડ પાછળના વિસ્તારમાં આવેલ ભાટિયા સોસાયટીમાં રહેતી ૩૪ વર્ષે મહિલા એ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલ ભાટિયા સોસાયટીમાં રહેતી જ્યોતિબેન અંકુરભાઈ ભાટીયા ઉંમર વર્ષ ૩૪ એ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી મોતને વાહલું કર્યું હતું. મહિલાના અવસાન ની જાણ પોલીસને કરાતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મહિલાની મૃતદેહને પીએમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે આ બાબતે એ ડિવિજન ખાતે ફરિયાદ નોંધવામાં આવી છે.

# જાંબુઘોડાના કણજીપાણી ગામે જીપની ટકકરે બાઈક સવાર પિતાનુ મોત : પુત્રીને ઈજાઓ

જાંબુઘોડા,
જાંબુઘોડા તાલુકાના કણજીપાણી ગામ પાસે મહિન્દ્રા પીકઅપ ડાલાના ચાલકે બાઈક સવાર પિતા-પુત્રીને ટકકર મારતા બાઈક ચાલકનુ સ્થળ પર મોત નીપજ્યું હતુ. જયારે પુત્રીને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઘાઘલપુરા ગામના રહિશ રમેશભાઈ મકાભાઈ જેઓની દિકરી કે જે ભાવનગર ખાતે નર્સિંગનો કોર્સ કરતી હતી જે ઘરે આવી રહી હતી તેને લેવા જાંબુઘોડા ખાતે આવ્યા હતા. પુત્રીને લઈ જાંબુઘોડાથી પોતાના ગામ ઘાઘલપુરા જવા માટે નીકળ્યા હતા દરમિયાન જાંબુઘોડા તાલુકાના કણજીપાણી ગામ પાસે પહોંચ્યા હતા તે સમયે મહિન્દ્રા પીકઅપ ગાડીના ચાલક પોતાનુ વાહન ગફલતભરી રીતે હંકારી લાવતા પાછળથી બાઈક ચાલ રમેશભાઈ મકાભાઈની બાઈકની ટકકર મારતા બંને પિતા-પુત્રી રોડ પર ફંગોળાયા હતા. અકસ્માતે પગલે ઈજાગ્રસ્ત થયેલા રમેશભાઈનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે પાછળ બેઠેલ પુત્રી સોનલબેનને ગંભીર ઈજાઓ થતાં બોડેલી રિફર કરવામાં આવી હતી. સમગ્ર બનાવની જાણ પરિવારજનોને થતાં સગાસંબંધિઓ જાંબુઘોડા ખાતે દોડી આવ્યા હતા. જાંબુઘોડા ગ્રામ પંચાયત દ્વારા ગામમાં લગાવેલા સીસીટીવી કેમેરાની મદદથી નાસી છુટેલા અજાણ્યા પીકઅપ ચાલકને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.